મહાનુભાવાઃ પ્રાયેણ શાસ્ત્રં શુદ્ધત્વહેતવે, ૧૯
ભગવત્તારતમ્યેન તારતમ્યં ભજન્તિ હિ;
વૈદિકત્વં લૌકિકત્વં કાપટયાત્તેષુ નાન્યથા, ૨૦
વૈષ્ણવત્વં હિ સહજં તતોઽન્યત્ર વિપર્યયઃ
સંબંધિનસ્તુ યે જીવાઃ પ્રવાહસ્થાસ્તથા પરે. ૨૧
ચર્ષણીશબ્દવાચ્યાસ્તે તે સર્વે સર્વવર્ત્મસુ,
ક્ષણાત્સર્વ ત્વમાયાંતિ રુચિસ્તેષાં ન કુત્રચિત્. ૨૨
તેષાં ક્રિયાનુસારેણ સર્વત્ર સકલં ફલમ્,

પ્રવાહસ્થાન્પ્રવક્ષ્યામિ, સ્વરૂપાંગક્રિયાયુતાન્. ૨૩
જીવાસ્તે હ્યાસુરાઃ સર્વે પ્રવૃત્તિં ચેતિ વર્ણિતાઃ
તે ચ દ્વિધા પ્રકીર્ત્યન્તે હ્યજ્ઞદુર્જ્ઞવિભેદતઃ ૨૪
દુર્જ્ઞાસ્તે ભગવત્પ્રોક્તા હ્યજ્ઞાસ્તાનનુ યે પુનઃ
પ્રવાહેઽપિ સમાગત્ય પુષ્ટિસ્થસ્તૈર્ન યુજ્યતે. ૨૫
સોઽપિ તૈસ્તત્કુલે જાતઃ કર્મણા જાયતે યતઃ
ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિત પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ સમાપ્ત.મૂ

અથ શ્રીસિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થ.

શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ;
સાક્ષાદ્ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે. ૧
બ્રહ્મસંબંધકરણાત્સર્વેષાં દેહ જીવયોઃ
સર્વદોષનિવૃત્તિર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ૨
સહજા દેશકાલોત્થા લોકવેદનિરૂપિતાઃ
સંયોગજાઃ સ્પર્શજાશ્ચ ન મન્તવ્યાઃ કથં ચ ન ૩
અન્યથા સર્વદોષાણા ન નિવૃત્તિઃ કથં ચ ન
અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્વર્જનમાચરેત્. ૪
નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ
ન મતં દેવદેવસ્ય સામિભુક્તં સમર્પણમ્. ૫
તસ્માદાદૌ સર્વકાર્યે સર્વવસ્તુ સમર્પણમ્;
દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ ૬

ન ગ્રાહ્યમિતિ વાક્યં હિ ભિન્ન માર્ગપરં મતમ્;
સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ. ૭
તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ
ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના. ૮
ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્તદ્વદત્રાપિ ચૈવ હિ. ૯
ઇતિશ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતં શ્રી સિદ્ધાન્તરહસ્યં સંપૂર્ણમ્.

અથ શ્રી નવરત્ન સ્તોત્રમ્.

ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ:
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ૧
નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ. ૨
સર્વેષાં પ્રભુસંબંધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ
અતોઽન્યવિનિયોગેઽપિ ચિંતા કા સ્વસ્ય સોઽપિચેત્ ૩
અજ્ઞાનાદથવા જ્ઞાનાત્કૃતમાત્મનિવેદનમ્;
યૈઃ કૃષ્ણસાત્ કૃતપ્રાણૈસ્તેષાં કા પરિદેવના. ૪
તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે;
વિનિયોગેપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ૫
લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ;
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાઽખિલાઃ ૬

સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા;
અતઃસેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્. ૭
ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્કરિષ્યતિ;
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્. ૮
તસ્માત્સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ;
વદદ્ભિરેવં સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ૯

ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતં નવરત્નસ્તોત્રં સંપૂર્ણમ્.

અથ અંતઃકરણપ્રબોધ ગ્રન્થ.

અન્તઃકરણ મદ્વાક્યં સાવધાન તયા શ્રૃણુ;
કૃષ્ણાત્ પરં નાસ્ત્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્. ૧
ચાંડાલી ચેદ્ રાજપત્નિ જાતા, રાજ્ઞા ચ માનીતા.
કદાચિદપમાનેડપિ મૂલતઃ કા ક્ષતિર્ભવેત્. ૨
સમર્પણાદહં પૂર્વમુત્તમઃ કિં સદા સ્થિતઃ
કામમાધમતા ભાવ્યા પશ્ચાત્તાપો યતો ભવેત્. ૩
સત્યસંકલ્પતો વિષ્ણુર્નાન્યથા તુ કરિષ્યતિ;
આજ્ઞેવ કાર્યા સતતં સ્વામિદ્રોહોડન્યથા ભવેત્. ૪
સેવકસ્ય તુ ધર્મોયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ.
આજ્ઞા પૂર્વં તુ યા જાતા ગંગાસાગરસંગમે. ૫

યાપિ પશ્ચાન્મધુવને ન કૃતં તદ્ દ્વયં મયા,
દેહ દેશપરિત્યાગસ્તૃતીયો લોકગોચરઃ ૬
પશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોઽહં ન ચાન્યથા;
લૌકિકપ્રભુવત્કૃષ્ણો ન દ્રષ્ટવ્યઃકદાચન. ૭
સર્વં સમર્પિતં ભક્ત્યા કૃતાર્થોઽસિ સુખીભવ,
પ્રૌઢાઽપિ દુહિતા યદ્વત્સ્નેહાન્ન પ્રેષ્યતે વરે. ૮
તથા દેહે ન કર્તવ્યં વરસ્તુષ્યતિ નાન્યથા,
લોકવચ્ચેત્સ્થિતિર્મે સ્યાત્કિં સ્યાદિતિ વિચારય. ૯
અશક્યે હરિરેવાસ્તિ મોહં માગાઃ કથંચન,
ઇતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ ૧૦
ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય ભક્તો નિશ્ચિંતતાં વ્રજેત્,

ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતં " અન્તઃકરણપ્રબોધ "

અથ શ્રી વિવેકધૈર્યાશ્રય ગ્રન્થ

વિવેકધૈર્યે સતતં રક્ષણીયે તથાશ્રયઃ
વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ. ૧
પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્સ્વામ્યભિપ્રાયસંશયાત્,
સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ. ૨
અભિમાનશ્ચ સંત્યાજ્યઃ સ્વામ્યધિનત્વ ભાવનાત્,
વિશેષતશ્ચેદાજ્ઞા સ્યાદ્ અન્તઃકરણગોચરઃ ૩

તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નં તુ દૈહિકાત્,
આપદ્ગત્યાદિકાર્યેષુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા. ૪

અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્રદર્શનમ્, વિવેકોઽયં સમાખ્યાતો ધૈર્યં તુ વિનિરૂપ્યતે ॥ ૫ ॥ ત્રિદુઃખ સહનં ધૈર્ય મામૃતેઃ સર્વતઃ સદા, તક્રવત્ દેહવત્ ભાવ્યં જડવત્ ગોપભાર્યવત્. ૬ પ્રતિકારો યદૃચ્છાતઃસિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્, ભાર્યાદીનાં તથાઽન્યેષામસતશ્ચાક્રમં સહેત્. ૭ સ્વયમિન્દ્રિય કાર્યાણિ કાયવાઙ્‌મનસા ત્યજેત્, અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્ય ભાવનાત્. ૮ અશક્યે હરિરેવાસ્તિ સર્વમાશ્રયતો ભવેત્, એતત્સહનમત્રોક્તમાશ્રયો તો નિરૂપ્યતે. ૯ ઐહિકે પરલોકે ચ સર્વથા શરણં હરિ, દુઃખહાનૌતથા પાપે ભયે કામાદ્યપૂરણે. ૧૦ ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે, અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ ૧૧ અહંકારકૃતે ચૈવ પોષ્યપોષણરક્ષણે, પોષ્યાતિક્રમણે ચૈવ તથાન્તેવાસ્યતિક્રમે. ૧૨ અલૌકિકમનઃ સિદ્ધૌ સર્વાર્થે શરણં હરિઃ એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્. ૧૩ અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવ ચ, પ્રાર્થનાકાર્યમાત્રેઽપિ તતોઽન્યત્ર વિવર્જયેત્. ૧૪ અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ બ્રહ્માસ્ત્ર ચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવેત નિર્મમઃ ૧૫ યથાકથંચિત્કાર્યાણિ કુર્યાદુચ્ચાવચાન્યપિ, કિં વા પ્રોક્તેન બહુના

શરણું ભાવયેદ્ધરિમ્. ૧૬ એવમાશ્રયણું પ્રોકતં સર્વેષાં સર્વદા હિતમ્, કલૌ ભકત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઇતિ મે મતિઃ ૧૭

॥ ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિત "વિવેક ધૈર્યાશ્રય":

અથ શ્રી કૃષ્ણાશ્રયઃ

સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ, પાષંડપ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ. ૧. મ્લેચ્છાક્રાંતેષુ દેશેષુ પાપૈક-નિલયેષુ ચ, સત્પીડાવ્યગ્ર લોકેષુ કૃષ્ણ એવ ગતિર્મમ. ૨ ગંગાદિતીર્થ વર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ; તિરોહિતાધિદૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ. ૩ અહંકારવિમૂઢેષુ સત્સુ પાપાનુવર્તિષુ લાભપૂજાર્થયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ. ૪ અપરિજ્ઞાનનષ્ટેષુ મંત્રેષ્વવ્રતયોગિષુ; તિરોહિતાર્થદેવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ. ૫ નાનાવાદવિનષ્ટેષુ સર્વકર્મવ્રતાદિષુ, પાષંડૈકપ્રયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ. ૬ અજામિલાદિદોષાણાં નાશકોઽનુભવે સ્થિતઃ જ્ઞાપિતાખિલમાહાત્મ્યઃ કૃષ્ણ એવ ગતિર્મમ. ૭ પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતાનંદકં બૃહત્, પૂર્ણાનંદો હરિસ્તસ્માત્કૃષ્ણ એવ ગતિર્મમ. ૮ વિવેકધૈર્યભકત્યાદિરહિતસ્ય વિશેષતઃ પાપાસકતસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ. ૯ સર્વ સામર્થ્ય

સહિતઃ સર્વત્રૈવાખિલાર્થકૃત્ ; શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપ- યામ્યહમ્. ૧૦ કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં યઃ પઠેત્કૃષ્ણસન્નિધૌ, તસ્યાશ્રયો ભવેત્કૃષ્ણ ઇતિ શ્રીવલ્લભોબ્રવીત્. ૧૧

ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતં શ્રી કૃષ્ણાશ્રય સ્તોત્રં સમાપ્તમ્

અથ ચતુઃ શ્લોકી.

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ કદાચન ॥ ૧ ॥ એવં સદા સ્મ કર્ત- વ્યં સ્વમેવ કરિષ્યતિ, પ્રભુઃ સર્વસમર્થો હિ તતો નિશ્ચિન્તતાં વ્રજેત્ ॥ ૨ ॥ યદિ શ્રી ગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ; તતઃ કિમપરં બ્રુહિ લૌકિકૈર્વૈદિકૈરપિ. ॥ ૩ ॥ અતઃ સર્વાત્મના શશ્વદ્ગોકુલેશ્વર પાદયોઃ, સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્ય- મિતિ મે મતિઃ ॥ ૪ ॥

॥ ઇતિશ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતા ચતુઃશ્લોકી સંપૂર્ણમ્.॥

અથ ભક્તિવર્દ્ધિની ગ્રન્થ.

યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે; બીજ ભાવે દઢે તુ સ્યાત્ ત્યાગાચ્છ્રવણકીર્તનાત્ ૧ બીજદાર્ઢ્ય પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્કૃષ્ણં

પૂજયા શ્રવણાદિભિઃ ૨ વ્યાવૃત્તોપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્સદા; તતઃ પ્રેમ તથા સક્તિર્વ્યસનં ચ યદા ભવેત્, ૩ બીજં તદુચ્યતે શાસ્ત્રે દૃઢં યન્નાપિ નશ્યતિ; સ્નેહાદ્રાગવિનાશઃ સ્યાદાસકત્યા સ્યાદ્ ગૃહારૂચિઃ ગૃહસ્થાનાં બાધકત્વમનાત્મત્વં ચ ભાસતે; યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્તદૈવ હિ. ૫ તાદૃશસ્યાપિ સતતં ગૃહસ્થાનં વિનાશકમ્ ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ ૬ લભતે સુદૃઢાં ભક્તિં સર્વતોઽપ્યધીકાં પરામ્, ત્યાગે બાધકભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્તથાન્નતઃ ૭ અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ. ૮ સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્, યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિમતિર્મમ. ૯ બાધસંભાવનાયાન્તુ નૈકાન્તે વાસ ઇષ્યતે; હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ૧૦ ઇત્યેવં ભગવચ્છાસ્ત્રં ગુઢતત્વં નિરૂપિતમ્; ય એતત્સમધીયીત તસ્યાપિ સ્યાદ્દૃઢારતિઃ ૧૧

ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતં ભક્તિવર્દ્ધિની ગ્રન્થ સમાપ્તમ્.

અથ જલભેદ ગ્રન્થ.

નમસ્કૃત્ય હરિં વક્ષ્યે તદ્ગુણાનાં વિભેદકાન્, ભાવાન્ વિંશતિધા, ભિન્નાન્ સર્વ સંદેહ વારકાન્. ૧ ગુણભેદાસ્તુ

તાવંતો યાવંતો હિ જલે મતાઃ, ગાયકાઃ કૂપસંકાશા ગંધર્વા ઇતિ વિશ્રુતાઃ ૨ કૂપભેદાસ્તુ યાવંતસ્તાવંતસ્તેઽપિ સંમતાઃ કુલ્યાઃ પૈરાણિકાઃ પ્રોક્તાઃ પારં પર્યયુતા ભુવિ. ૩ ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ, વેશ્યાદિસહિતા મત્તા ગાયકા ગર્તસંજ્ઞિતાઃ, જલાર્થમેવ ગર્તાસ્તુ નીચાગાનોપજીવિનઃ, હ્રદાસ્તુ પંડિતાઃ પ્રોક્તા ભગવચ્છાસ્ત્રતત્પરાઃ ૫ સંદેહવારકાસ્તત્ર સૂદા ગંભીરમાનસાઃ, સરઃ કમલસંપૂર્ણાઃ પ્રેમ યુક્તાસ્તથા બુધાઃ ૬ અલ્પશ્રુતાઃ પ્રેમયુકતા વેવેશંતાઃ પરિકીર્તતાઃ કર્મશુદ્ધાઃ પલ્વલાનિ તથાલ્પશ્રુતિભક્તયઃ ૭ યોગધ્યાનાદિસંયુક્તા ગુણા વર્ષ્યાઃ પ્રકીર્તિતાઃ તપોજ્ઞાનાદિભાવેન સ્વેદજાસ્તુ પ્રકીર્તિતાઃ ૮ અલૌકિકેન જ્ઞાનેન યે તુ પ્રોક્તા હરેર્ગુણાઃ, કાદાચિત્કાઃ શબ્દગમ્યાઃ પતત્ શબ્દાઃ પ્રકીર્તિતાઃ ૯ દેવાદ્યુપાસનોદ્ભૂતાઃપૃષ્ટવા ભૂમિરિવોદ્ગતાઃ,સાધનાદિપ્રકારેણ૰ નવધા ભક્તિમાર્ગતઃ. પ્રેમપૂર્ત્યા સ્ફુરદ્ધર્માઃ સ્યંદમાનાઃપ્રકીર્તિતાઃ યાદશાસ્તાદશાઃ પ્રોક્તાઃ વૃદ્ધિક્ષય વિવર્જીતાઃ ૧૧ સ્થાવરાસ્તે સમાખ્યાતા મર્યાદૈકપ્રતિષ્ઠિતાઃ,અનેકજન્મ સંસિદ્ધાજન્મ પ્રભૃતિ સર્વદા, ૧૨ સંગાદિગુણદોષાભ્યાં વૃદ્ધિક્ષયયુતા ભુવિ; નિરંતરોદ્ગમયુતા નદ્યસ્તે પરિકીર્તતાઃ ૧૩ એતાદશાઃ સ્વતંત્રતાશ્ચેત્સિંધવઃ પરિકીર્તતાઃ પૂર્ણા ભગવદીયા યે શેષવ્યાસાગ્નિ

મારૂતાઃ જડનારદ મૈત્રાદ્યાસ્તે સમુદ્રાઃ પ્રકીર્તિતાઃ લોકવેદ-ગુણૈર્મિશ્રભાવેનૈકે હરેર્ગુણાન્. ૧૫ વર્ણયન્તિ સમુદ્રાસ્તે ક્ષારાદ્યાઃ ષટ્ પ્રકીર્તિતાઃ ગુણાતીતતયા શુદ્ધાન્ સચ્ચિદા-નન્દ રૂપિણઃ ૧૬ સર્વાનેવ ગુણાન્ વિષ્ણોર્વર્ણયન્તિ વિચ-ક્ષણાઃ તેઽમૃતોદાઃ સમાખ્યાતાસ્તદ્વાક્પાનં સદુર્લભમ્ ૧૭ તાદૃશાનાં કવચિદ્વાકય દૂતનામિવ વર્ણિતાઃ અજામિલા કર્ણનવત્ બિન્દુપાનં પ્રકીર્તિતમ્ ૧૮ રાગાજ્ઞાનાદિ ભાવાનાં સર્વથા નાશનં યદા, તદા લેહનમિત્યુકતં સ્વાનન્દોદ્ ગમ-કારણમ્ ૧૯ ઉદ્ધૃતોદકવત્સર્વે પતિતોદકવત્તથા; ઉક્તાતિરિ-ક્તવાકયાની ફલં ચાપિ તથા તતઃ ૨૦ ઇતિ જીવેંદ્રિયગતા નાનાભાવં ગતાભુવિ; રૂપતઃ ફલતશ્ચૈવ ગુણા વિષ્ણોર્નિરૂ-પિતાઃ ૨૧. ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતં જલભેદગ્રન્થ સમાપ્તમ્

॥ અથ પંચપદ્યાનિ ॥

શ્રી કૃષ્ણરસવિક્ષિપ્તમાનસા રતિવર્જિતાઃ આનર્વૃતા લોકવેદે તે મુખ્યાઃ શ્રવણોત્સુકાઃ ૧ નિઃસંદિગ્ધં કૃષ્ણતત્ત્વં સર્વભાવેન યે વિદુઃ તે ત્વાવેશાત્તુ વિકલા નિરોધાદ્વા ન ચાન્યથાઃ ૨ વિક્લિન્નમનસો યે તુ ભગવત્સ્મૃતિ વિહ્વલાઃ

અથૈકનિષ્ટાસ્તે ચાપિ મધ્યમાઃ શ્રવણોત્સુકાઃ ૩ પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિન્ન તુ સર્વદાઃ અન્યાસક્તાસ્તુ યે કેચિદધમાઃ પરિકીર્તિતાઃ ૪ અનન્યમનસો મર્ત્યા ઉત્તમાઃ શ્રવણાદિષુ દેશકાલ દ્રવ્ય કર્તૃ મંત્રકર્મ પ્રકારતઃ

॥ ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતો પંચપદ્યાનિ સંપૂર્ણમ્ ॥

અથ શ્રી સન્યાસનિર્ણય ગ્રન્થ.

પશ્ચાત્તાપનિવૃત્ત્યર્થં પરિત્યાગો વિચાર્યતે, સ માર્ગદ્વિતીયે પ્રોકતો ભક્તૌ જ્ઞાને વિશેષતઃ ૧ કર્મમાર્ગે ન કર્તવ્યઃ સુતરાં કલિકાલત, અત આદૌ ભક્તિમાર્ગે કર્તવ્યત્વાદ્વિચારણા ૨ શ્રવણાદિ પ્રવૃત્ત્યર્થં કર્તવ્ય ત્વેન નેષ્યતે; સહાયસંગસાધ્યત્વાત્ સાધનાનાં ચ રક્ષણાત્ ૩ અભિમાનાન્નિ યોગાચ્ચ તદ્ધર્મૈશ્ચ વિરોધતઃ ગૃહાદેર્બાધિકત્વેન સાધનાર્થં તથા યદિ, અગ્રેઽપિ તાદૃશૈરેવ સંગો ભવતિ નાન્યથા; સ્વયં ચ વિષયાક્રાંતપાષંડી સ્યાત્તુ કાલતઃ ૫ વિષયાક્રાંતદેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ અતોઽત્ર સાધને ભક્તૌ નૈવ ત્યાગઃ સુખાવહઃ ૬ વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે; સ્વીયબંધ નિવૃત્ત્યર્થં વેષઃ સોઽત્રં ન ચાન્યથા. ૭ કૌંડિન્યો ગોપિકાઃ પ્રોક્તા ગુરવઃ સાધનં ચ તત્; ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં

નાન્યહિષ્યતે. ૮ વિકલત્વં તથાऽસ્વાસ્થ્યં પ્રકૃતિઃ પ્રાકૃતં ન હિ; જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવં વર્તમાનસ્ય બાધકાઃ ૯ સત્યલોકે સ્થિતિર્જ્ઞાનાત્સંન્યાસેન વિશેષિતાત્, ભાવના સાધનં યત્ર ફલં ચાપિ તથા ભવેત્૧૦ તાદશાઃ સત્યલોકાદ્દૌ તિષ્ઠંત્યેવ ન સંશયઃ બહિશ્ચેત્પ્રકટઃ સ્વાત્મા વન્હિવત્પ્રવિશેદ્યદિ. ૧૧ તદૈવ સકલો બન્ધો નાશમેતિ ન ચાન્યથા; ગુણાસ્તુ સંગરાહિત્યા જજીવનાર્થં ભવન્તિ હિ. ૧૨ ભગવાન્ફલરૂપત્વાન્નાત્ર બાધક ઇષ્યતે; સ્વાસ્થવાક્યં ન કર્તવ્યં દયાલુર્ન વિરૂધ્યતે. ૧૩ દુર્લભોऽયં પરિત્યાગઃપ્રેમ્ણા સિદ્ધ્યતિ નાન્યથા; જ્ઞાનમાર્ગે તુ સંન્યાસો દ્વિવિધોऽપિ વિચારિતઃ ૧૪ જ્ઞાનાર્થમુત્તરાંગં ચ સિદ્ધિર્જન્મશતૈઃ પરમ્; જ્ઞાનં ચ સાધનાપેક્ષં યજ્ઞાદિ શ્રવણાન્મતમ્ ૧૫ અતઃકલૌ સ સંન્યાસઃ પશ્ચાત્તાપાય નાન્યથા; પાષંડિત્વં ભવેચ્ચાપિ તસ્માજ્જ્ઞાને ન સંન્યસેત્ ૧૬ સુતરાંકલિદોષાણાં પ્રબલત્વાદિતિ સ્થિતમ્ઃ ભક્તિ માર્ગેऽપિ ચેદ્દોષસ્તદા કિં કાર્યમુચ્યતે. ૧૭ અત્રારંભે ન નાશઃ સ્યાત્દષ્ટાંતસ્યાપ્યભાવતઃ સ્વાસ્થ્ય હેતોઃ પરિત્યાગાદ્બાધઃ કેનાસ્ય સંભવેત્. ૧૮ હરિરત્ર ન શક્નોતિ કર્તું બાધાં કુતોપરે; અન્યથા માતરો બાલાન્નસ્તન્યૈઃ પુપુષુઃ કવચિત્. ૧૯ જ્ઞાનિનામપિ વાક્યેન ન ભક્તં મોહયિષ્યતિ; આત્મપ્રદઃ પ્રિયશ્ચાપિ કિમર્થં

મોહયિષ્યતિ, તસ્માદુક્ત પ્રકારેણ પરિત્યાગો વિધીયતામ્; અન્યથા ભ્રશ્યતે સ્વાર્થાદિતિ મે નિશ્ચિતા મતિઃ ૨૧ ઇતિકૃષ્ણ પ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્; સંન્યાસવરણં ભક્તાવન્યથા પતિતો ભવેત્. ૨૨

ઇતિશ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતં સંન્યાસ નિર્ણય સંપૂર્ણમ્.

અથ નિરોધલક્ષણ ગ્રન્થ.

યચ્ચ દુઃખં યશોદાયા નન્દાદીનાં ચ ગોકુલે; ગોપિકાનાં તુ યદ્દ દુઃખં તદ્દુઃખં સ્યાન્મમ કવચિત્. ૧ ગોકુલે ગોપિકાનાં ચ સર્વેષાં વ્રજવાસિનામ્; યત્સુખં સમભૂત્તન્મે ભગવાન્ કિં વિધાસ્યતિ. ૨ ઉદ્ધવાગમને જાત ઉત્સવઃ સુમહાન્યથા; વૃન્દાવને ગોકુલે વા તથા મે મનસિ કવચિત્. ૩ મહતાં કૃપયા યાવત્ ભગવાન્ દયયિષ્યતિ; તાવદાનંદ સન્દોહઃ કિર્ત્યમાનઃ સુખાય હિ, ૪ મહતાં કૃપયા યદ્વત્ કીર્તનં સુખદં સદા; ન તથા લૌકિકાનાં તુ સ્નિગ્ધ ભોજન રૂક્ષવત્ ૫ ગુણ-ગુણગાને સુખાવાપ્તિર્ગોવિન્દસ્ય પ્રજાયતે; યથા તથા શુકાદિનાં નૈવાત્મનિ કુતો ન્યતઃ ૬ કિલશ્યમાનાન્ જનાન્ દૃષ્ટવા કૃપાયુકતો યદા ભવેત્; તદા સર્વં સદાનંદં હૃદિસ્થં નિર્ગતં બહિઃ ૭ સર્વાનંદમયસ્યાપિ કૃપાનંદઃ સુદુર્લભઃ હૃદ્ગતઃ સ્વ-

ગુણાન્ શ્રુત્વા પૂર્ણઃ પ્લાવયતે જનાન્. ૮ તસ્માતૂ સર્વં પરિ-
ત્યજ્ય નિરૂદ્ધૈઃ સર્વદા ગુણાઃ સદાનન્દ પરૈર્ગેયાઃ સચ્ચિદાન્દ
તા તતઃ ૯ અહં નિરૂદ્ધો રોધેન નિરોધપદવીં ગતઃ નિરૂદ્ધાનાં
તુ રોધાય નિરોધં વર્ણયામિ તે. ૧૦ હરિણા યે વિનિર્મુક્તા-
સ્તે મગ્ના ભવસાગરે; યે નિરૂદ્ધાસ્ત એવાત્ર મોદમાયાંત્વહ-
ર્નિશમ્. ૧૧ સંસારાવેશ દુષ્ટાનામ્ ઇંદ્રિયાણાં હિતાય વૈ;
કૃષ્ણસ્ય સર્વં વસ્તુનિ ભૂમ્ન ઇશસ્ય યોજયેત્, ૧૨
ગુણેષ્વાવિષ્ટચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ સંસારવિરહક્લેશૌ
ન સ્યાતાં હરિવત્સુખમ્. ૧૩ તદા ભવેદ્દ દયાલુત્વમ અન્યથા
ક્રુરતા મતાઃ બાધશંકાપિ નાસ્ત્યત્ર તદ્ધ્યાસોપિ સિદ્ધયતિ.
૧૪ ભગવદ્ધર્મઃ સામર્થ્યાદ્વિરાગો વિષયે સ્થિરઃ ગુણૈર્હરેઃ સુખ
સ્પર્શાન્ન દુઃખં ભાતિ કર્હિચિત્. ૧૫ એવં જ્ઞાત્વા જ્ઞાનમાર્ગા
દુત્કર્ષો ગુણવર્ણને; અમત્સરૈરલુબ્ધૈશ્ચ વર્ણનીયાઃ સદા ગુણાઃ
૧૬ હરિમૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ; દર્શનં સ્પર્શ-
નં સ્પષ્ટં તથા કૃતિગતિ સદા, ૧૭ શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રેકૃષ્ણ
પ્રિયે રતિઃ પાયોર્મલાંશત્યાગેન શેષભાગં તનૌ નયેત્, ૧૮
યસ્ય વા ભગવત્ કાર્યં યદા સ્પષ્ટં ન દશ્યતે; તદા વિનિગ્રહ-
સ્તસ્ય કર્તવ્ય ઇતિ નિશ્ચય. ૧૯ નાતઃ પરતરો મંત્રો નાતઃ
પરતરઃ સ્તવઃ, નાતઃ પરતરા વિદ્યા તીર્થં નાતઃ પરાત્પરમ્. ૨૦

ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિત નિરોધ લક્ષણ ગ્રન્થ સમાપ્તમ્.

અથ સેવાફલ ગ્રન્થ.

યાદૃશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમુચ્યતે; અલૌકિકસ્ય દાને હિ યાદ્યઃ સિદ્ધયેન્મનોરથઃ ૧ ફલં વા હ્યધિકારો વા ન કાલોત્ર નિયામકઃ, ઉદ્વેગઃ પ્રતિબન્ધો વા ભોગો વા સ્યાત્તુ બાધકઃ. ૨ અકર્ત્તવ્યં ભગવતઃ સર્વથા ચેદ્ગતિર્ન હિ, યથા વા તત્ત્વનિર્ધારો વિવેકઃ સાધનં મતમ્. ૩ બાધકાનાં પરિત્યાગો ભોગેડપ્યેકં તથા પરમ્ , નિષ્પ્રત્યુહં મહાન્ભોગઃ પ્રથમે વિશતે સદા. ૪ સવિઘ્નોલ્પો ઘાતકઃ સ્યાદ્બલાદેતૌ સદા મતૌ; દ્વિતીયે સર્વથા ચિન્તા ત્યાજ્યા સંસાર નિશ્ચયાત્ , ૫ નન્વાદ્યે દાતૃતા નાસ્તિ તૃતીયે બાધકં ગૃહમ્, અવશ્યેયં સદા ભાવ્યા સર્વમન્યન્મનો ભ્રમઃ ૬ તદીયૈરપિ તત્કાર્યં પુષ્ટૌ નૈવ વિલંબયેત્, ગુણક્ષોભેડપિ દ્રષ્ટવ્યમેતદેવેતિ મે મતિઃ ૭ કુસૃષ્ટિરત્ર વા કાચિદુત્પદ્યેત સ વૈ ભ્રમઃ

ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિત સેવાફલ ગ્રન્થ સમાપ્તમ્

॥ શ્રીમથુરેશાષ્ટકમ્ ॥

શંખ ચક્ર ગદા પદ્મધારિણં, સુખદાયકમ્ । કારણં સર્વ વસ્તૂનાં મથુરેશં નમામ્યહમ્ ॥ ૧ ॥ દુષ્ટ સંહાર કર્તારં જીવ દોષ નિવારણમ્ । ધારણં સર્વ જગતો મથુરેશં૦ ॥ ૨ ॥ રજ

કસ્ય શિરશ્ચ્છિત્વા ભકતેભ્યો વસ્ત્રદાયકમ્ । પ્રેરકં સર્વભૂતાનાં મથુરેશં નમામ્યહમ્ ૩ હસ્તી કુવલયાપીડો રંગદ્વારિ સ્થિતો બલી । ઘાતકં તસ્ય દુષ્ટસ્ય મથુરેશં૦ ॥ ૪ ॥ મલ્લ મુષ્ટિક ચાણુર શલતોશલ ઘાતકમ્ । બાધકં સર્વ દુષ્ટાનાં મથુરેશં૦૫ ॥ રંગભૂમ્યુચ્ચમંચસ્થ કૃદ્ધ કંસ નિકંદનમ્ । રક્ષકં સર્વવસ્તૂનાં । મથુરેશં૦ ॥ ૬ ॥ મથુરાસ્થિત લોકાનાં સુખદં બલસંયુતમ્ । સર્વયાદવત્રાતારં મથુરેશં૦ ॥ ૭ ॥ ઇતિશ્રી મથુરેશસ્ય ચાષ્ટકં કિલ્બિશાપહમ્ । ભક્તયા યસ્તુ પઠેન્નિત્યં મથુરેશપ્રિયોભવેત્ ॥ ૮ ॥

॥ ઇતિશ્રી મથુરેશાષ્ટકં સમાપ્તમ્ ॥

॥ શ્રી નટવરાષ્ટકમ્ ॥

વામ હસ્તે ધૃતં માટં ગો ગોપી ગોપરક્ષકમ્ । યશોદોત્સંગ લલિતં શ્રીનટવરં નમામ્યહમ્ ॥૧॥ દક્ષિણે નવનીતં ચ નૃત્યંતં ગોપિભિઃ સમમ્ । યશોદોત્સંગ લલિતં શ્રી નટવરં૦ ॥ ૨ ॥ કાલીયફણિ માણિક્યં રંજિત શ્રીપદાંબુજમ્ । રક્ષકં સર્વભક્તાનાં શ્રીનટવરં૦ ૩ ગોગોપાન્ સર્વાન્ સંજીવ્ય માતૃપિત્રોર્હિતાય વૈ । નાગપત્ની સ્તુતં ભક્તયા શ્રીનટવરં૦ ॥ ૪ ॥ યમુનામૃતપાનેન મૃતગોધનરક્ષકમ્ । રક્ષકં સર્વગોપાનાં શ્રીનટવરં૦ ॥ ૫ ॥ કાલીફણશતે નૈવ સ્વંકિતં ચરણા

મ્બુજમ્ । નિસ્સારિતં હૃદાદેવં શ્રીનટવરં૦ ॥ ૬ ॥ દ્વીપે રમણકે સ્થાનં કલ્પિતં નાગ વલ્લભમ્ ॥ ખલેડપ્યનુગ્રહકરં શ્રીનટવરં૦ ॥ ૭ ॥ અત્યદ્ભુતચરિત્રેણ દેવાનામથ પાલકમ્ । શ્રુતિપ્રકાશવપુષં શ્રીનટવરં નમામ્યહમ્ ૮ હીનબુદ્ધિર્મહા મંદઃ સ્વલ્પ સત્ત્વઃ કૃતોદ્યમઃ । તવનામાબ્ધિ પોતેન પારં ગચ્છ તિ સો નરઃ ॥ ૯ ॥ રઘુનાથ તનુજેન ગોપીનાથેન શર્મણા, રચિતંચાષ્ટકમિદં ભક્તિ–મુક્તિપ્રદાયકમ્ ॥ ૧૦ ॥ ગોપીનાથેન ચ કૃતં ભક્તિદં નટવરાષ્ટકમ્ । પાઠં કરોતિ યો નિત્યં સર્વ પાપૈઃ પ્રમુચ્યતે ॥ ૧૧ ॥

॥ ઇતિ શ્રીમદ્ રઘુનાથાત્મજ શ્રીગોપીનાથ(જી)વિરચિતં શ્રીનટવરાષ્ટકમ્ સંપૂર્ણમ્ ॥

શ્રી સર્વોત્તમજીનું ધોળ.

ભલે પ્રકટ્યા શ્રીવલ્લભદેવ, શ્રી પુરુષોત્તમ ભૂતલ ફરીજી; નહિ પ્રાકૃત ધર્મનો લેશ, અપ્રાકૃત નિજવપુ ધરીજી. ૧ કરે નિગમ નિરૂપણ એમ. તે સાકારની સ્તુતિ કરીજી, મહાકાલ કાલાદિક દોષ; પંડિતની દૃષ્ટિ તિમાર ભરીજી. મહિમા નવ જાણે જેહ, તે કહીએ ખરાસુર અરિજી; વહાલે દયા કરીમુખ-રૂપ, નિજલીલા પ્રકટ કરીજી. જેની વાણી અતિદુર્બોધ થાય સુબોધ જેણે કરીજી. તેનાં અષ્ટોત્તર શતનામ, તે કહીએ મહા

અધ હરિજી. ૪ જેના ઋષિવર અગ્નિકુમાર, જગતી છંદ નામે ધરીજી; શ્રીકૃષ્ણ કમલ મુખ દેવ, બીજ દૃષ્ટિ કરુણા ભરીજી, ૫. જેની ભક્તિમાં અંતરાય, તે નાશને પ્રયોજન સહીજી; આપે અધરામૃતની સિદ્ધિ, તે મધ્યે નિશ્ચય કરીજી. ૬ ઢાળ.

વહાલો આનંદ પરમાનંદ કહેવાય, શ્રીકૃષ્ણ કમલ મુખ કૃપાનિધિ થાય. ૭ વહાલો દૈવી ઉદ્ધારણ પ્રયત્ન ઉપાય, જેના સ્મરણમાત્રથી આર્તિ જાય. ૮ શ્રીભાગવત ગુઢાર્થ પ્રકટાય, સાકાર બ્રહ્મનો વાદ સ્થપાય. ૯ વેદપારંગ ચૌદ ભુવન કહેવાય, માયાવાદ નિરાકૃત સહુ મિલિ ગાય. ૧૦ સર્વવાદિ નિરાસ કીધા તે લખાય, ભક્તિમાર્ગ સરસ કમલ વિકસાય. ૧૧ સ્ત્રી શુદ્રાદિકને ઉદ્ધારવા સમર્થ, જેના સાધનબલથી ન થાય અર્થ. ૧૨ અંગીકારમાત્રથી સર્વસ્વ કીયે, કીધાં શ્રીગોપીજન પતિને પ્રિયે. ૧૩ અંગીકાર કરે મર્યાદાનુસાર, મહાકરુણાવંત સમર્થ અપાર. ૧૪ વહાલો અદેયદાન દેવામે ચતુર, મહાઉદાર ચરિત્ર કરે બહુ પૂર, ૧૫ લીલા દેખાડી પ્રાકૃતની જેહ, તે મિષે મોહ્યા સુર સ્નેહ તેહ.૧૬ વૈશ્વાનર શ્રીવલ્લભજી નામ, વહાલો સુંદર રૂપ સ્વજન હિત કામ. ૧૭ કૃષ્ણભક્તિ કરે જન શિક્ષાકાજ, આપે અખિલ ઇષ્ટ શ્રીવલ્લભરાજ. ૧૮ સર્વ લક્ષણથી સંપન્ન વિવેક શ્રીકૃષ્ણ જ્ઞાનદાતા ગુરુ એક

પોતાના આનંદ થકી બહુ પુષ્ટ, એના કમલપત્રસે નેત્ર સં-
તુષ્ટ.૨૦ કૃપાદાષ્ટની વૃષ્ટિથી હરખ્યા મન, તે હાસહાસી પ્રતિ
પ્રિય છે આનન્ય ૨૧ રોષદષ્ટિ કરે ભક્તિ શત્રુ મલાલ, ભક્ત
સેવંતા સુખ સેવા રસાલ. ૨૨ જીરે ભકિત વિના નહિ
સેવાસાધ્ય, તે કારણથી કહીએ દુરાધ્ય ૨૩ જેના ચરણસરો
જ દુર્લભ દરશાય, તેના ઉગ્ર પ્રતાપ ત્રૈલોક કહેવાય. ૨૪ વચ
નામૃત કરી પૂર્યા સેવકના અર્થ, શ્રી ભાગવત અમૃત મથન
સમર્થ ૨૫ તેનો સાર કહીએ વ્રજસુંદરીનો ભાવ, તે પરિ-
પૂર્ણ છે દેહ ભરાવ. ૨૭ સાન્નિધ્યમાત્ર કરે કૃષ્ણપ્રેમ ભક્તિ
મુક્તિ દેવાનું એહુને નેમ.૨૭ એક રાસલીલામાં તેનું તાન, પ્રભુ
કૃપા કરીને કરે કથાનું દાન. ૨૮ વહાલો વિરહના અનુભવને
હેતે કાજ, સર્વ ત્યાગ જણાવ્યો શ્રીવલ્લભરાજ. ૨૯ ઉપદેશ
કર્યો ભક્તિમાર્ગ આચાર, લોક માંહે કર્યો કર્મ માર્ગ પ્રચાર.
૩૦ વેદ શાસ્ત્ર કહ્યાં યજ્ઞાદિક દાન, તેનું ફલ મર્યાદા ભક્તિ
નિદાન. પ્રભુ પૂર્ણાનંદ છે પૂરણ કામ, સરસ્વતીના પતિ દેવ
દ્વિજ અભિરામ. વહાલે સહસ્ર કહ્યાં પુરૂષોત્તમ નામ, નિજજ-
નને આશ્રયનું છે ધામ, ભક્તિમાર્ગની રીતે કરવા ઉપદેશ
બહુ ગ્રંથ કરીને ટાળ્યો સંશયનો લેશ. જેને પામવા નેછોડયા
પ્રાણથી પ્રિયે, એવા ભક્તસમાજ બિરાજે શ્રીએ. આપ સા-

ધન કરે નિજદાસને કાજ, એવા સમર્થ શ્રીવલ્લભ મહારાજ-કરવા ભક્તિ પ્રચારક ભૂતલ માંહી, વશ કીધા પિતા થઇને ગ્રહી બાંહિ. સર્વ સામર્થ્ય ધર્યું પોતાને વંશ, ગર્વ દૂર કરી ટાળ્યો સંશયનો અંશ. પ્રભુ પતિવ્રતાના પતિ સાક્ષાત, કરે યહ લોક પરલોક દાન વિખ્યાત, જેના અંતઃકરણ છે શુદ્ધ અપાર, અંગીકૃતને જણાવ્યો મનનો વિચાર-ઉપાસનાદિક માર્ગ જે અન્ય, તેનો મોહ ટાળીને કીધા સેવક અનન્ય, કર્યો નિશ્ચય જે ભક્તિ સર્વથી વિશેષ, કીધો શરણમાર્ગનો જુઓ ઉપદેશ. શ્રીકૃષ્ણના મનની જાણે વાત, લીલાકુંજ બિહારી પરિપૂર્ણ ગાત. કથારસ મગ્ન સદા છે ચિત્ત, વીસર્યું સઉ તે થકી બીજું વિત્ત. પ્રિય છે ઘણું વ્રજને વ્રજનો વાસ; કરે પુષ્ટિલીલા એકાંત વિલાસ. કરે ભક્તેચ્છા પરિપૂર્ણ દાન, નહિ નિજ લીલાનું કોઇને જ્ઞાન. અતિ મોહિત જેનું શીલ ઘણું, નહિ લોક વિષે આસક્તિ ગણું નિજ ભક્ત વિષે આસક્તિ છે એક, પ્રભુ પાવન કીધા પતિત અનેક. જે કરે પોતાના ગુણનું ગાન, તેના હૃદય કમલ રહેવાનું સ્થાન.

નિજ યશરૂપી અમૃત લહરી; તેથી ભીંજવી સર્વ રસ વાસના ;
હરિ. પ્રભુ પોતે સર્વ થકી છે પર, ન કરે તુલ્યતા કોઇ અવર, લીલારસ અમૃત તરંગ બહુ, ભીંજવ્યા છે ભક્તશરીર સહુ,

જ્યિ આપે ગિરિગોવર્દ્ધન વાસ, તે લીલામાં છે અતિશય ઉલ્લાસ. કરે યજ્ઞ ભોગ ને યજ્ઞ કર્મ, આપે અર્થ કામ ને મોક્ષ ધર્મ, પ્રભુ સત્યવચન છો ત્રિગુણાતીત, નીતિ અનુરાધ છે અતિ અગણિત. કરવા પોતાની કીર્તિ પ્રકાશ, કર્યું વ્યાસ સુત્રનું નૂતન ભાષ્ય, અતિતુચ્છ તુલ જે માયાવાદ, કરી ભસ્માગ્નિ સ્થાપ્યો બ્રહ્મવાદ. અપ્રાકૃત ભૂષણની અતિકાંતિ, હસતાં મુખ શોભે છે બહુ ભાંતિ, પ્રભુ તિન લોકના ભૂષણ સાર, પ્રગટયા ધરણીનું ભાગ્ય અપાર, પ્રભુ સુંદરતા છે અતિ અનૂપ, કેમ વર્ણન કરી શકું એ સ્વરૂપ, સૌ માગે છે પોતાના જન, ચરણારવિંદની રજ જે ધન. એ કહ્યાં એકસોને આઠે નામ, શ્રી વલ્લભ આનંદનું છે ધામ.

વલણુ.

જે કોઇ શ્રદ્ધા કરી નિત્ય ગાયરે, તેનું મન પહેલું સ્થિર થાયરે. અધરામૃતની સિદ્ધિ પામેરે, તેમાં સંશયનું નહી નામેરે, એ પામ્યા વિના મોક્ષ છે હીનરે, તેના ફળમાં મુકિત છે લીનરે, તેથી સર્વોત્તમ જપ કરવોરે, શ્રી કૃષ્ણરસે મન ભરવોરે, શ્રી વિઠ્ઠલઉચ્ચરિત એ નામરે, જે ગાયે પૂરે તેનાં કામરે, તેનો જન્મ સફલ કરી લેખેરે, જેનાં વ્રજભૂષણ સુખ દેખેરે.

ઇતિશ્રી સર્વોત્તમજીનું ધોળ સમાપ્ત.

શ્રી નવરત્નનું ધોળ.

શ્રીમદ્‌વલ્લભ શ્રીમહાપ્રભુજીને નમુંજી, શ્રીવિઠ્ઠલેશ પ્રભુ લાગુ પાય; શ્રીબાલકૃષ્ણજીને પ્રણમુંજી, શ્રીવ્રજભૂષણજી પરમકૃપાળ. શ્રીમદ્. ૧ શ્રીવલ્લભદેવે મહાકરૂણા કરીજી, જેથી જીવનનું કારજ થાય, સર્વે વૈષ્ણવની કૃતિ એ છેજી સઘળી ચિંતા નિવૃત્ત થાય. શ્રી. ૨ દૃઢ આશ્રય શ્રીમહાપ્રભુજીનો રાખીએજી, ચિંતા નવ ધરીએ લગાર; સર્વે આત્મા શ્રીજીને સમર્પીએજી, એ છે ભક્ત તણા આધાર. શ્રી. ૩ પુષ્ટિમાર્ગમાં શ્રીજી રહે સહાજી, જીવ કીધા છે અંગીકાર; લૌકિકની ગતિ ન આપે કદાજી, પ્રભુ નથી જોતા અધિકાર, શ્રી. ૪ નામનિવેદન કીધા થકીજી, પ્રભુ રાખે પોતાની પાસ; વશ ન થાય એ પ્રભુ કો થકીજી, વશ થઈ રહ્યા વલ્લભપાસ. શ્રી. ૫ નિવેદનમંત્રનું સ્મરણ નિત્ય કરવુંજી, સર્વદા ભગવદી સાથ; અવૈષ્ણવની સંગે ન ફરવુંજી, કૃપા થાય તાહરીય હાથ. શ્રી. ૬ ફલનીચિંતા નવ રાખીએજી, પ્રભુ સર્વેશ્વર કહેવાય; સર્વના આત્મા શ્રીજીસાક્ષી છેજી, દૂર ભક્તથી કેમ રહેવાય? શ્રી. ૭ પ્રભુને ગમે તે ખરૂં એમ જાણવુંજી, હરિનું બીરદ છે દીનદયાલ; શ્રીપુરુષાદિક પુષ્ટિમાં આવવાજી, યોગ્ય

તા ના વિચારે મર્યાદ. શ્રી. ૮ નિવેદન કરવું સર્વે સંગાથ શું જી, અન્યવિનિયોગની ચિંતા ન આણ, અજ્ઞાની હોય કિંવા જ્ઞાનશું જી, સમજુ છું અધિક એવું ન જાણ, શ્રી. ૯ જેણે આત્મનિવેદન કીધું છેજી, તેના ઉદ્ધારમાં સંદેહ ન આણ; પ્રાણસંગાથે શ્રીમહાપ્રભુજીને દીધું છેજી, તેથી સંશય મનમાં ન આણ, સમર્પણ મંત્ર મહાસમર્થ છેજી, ના જાણશો આછી વાત; એ કોઇ અંશ કલા નથી પૂર્ણ છેજી, શ્રીજી શ્રી પુરૂષોત્તમ સાક્ષાત. ૧૧ પ્રભુ પોતે સર્વથી પર છેજી, વળી મહાસમર્થ છે એ નાથ; ભક્તના દુઃખ હરતા સુખકારી છેજી, ચિંતા નવ કીજીએ માથે નાથ. લૌકિક વૈદિક જે કર્મ છેજી, તે હરિ સિદ્ધ થવા દે નહિ; તો એ સેવા સમર્પણ ધર્મ છેજી; તેથી મન દૂર કીજે નહિ. શ્રી. ૧૩ પુષ્ટિમાર્ગમાં શ્રીજી રહે સહાજી, વલી જીવનું કીધું શું હોય, પ્રભુ કેરે તે સુખ માની રહીએજી, સાક્ષી થઇ રહે સુખ હોય. શ્રી. ૧૪ દીનતાભાવ મનમાં રાખીએજી, બીજા સાધનનું નથી કામ; સર્વદા સેવા કરી શ્રીજી સાધવાજી, ગુરૂની આજ્ઞા થકી એકામ. શ્રી. ૧૫. ગુરૂની આજ્ઞા ઉલ્લંઘન નવ કીજીએજી, શ્રીજીની ઇચ્છાએ થાય તે થાય. આપણું મન ગુરૂને દીજીએજી, પ્રભુથી અધીક રાખીએ ભાવ. શ્રી. ૧૬ સેવા કરો નિત્ય ચિત્ત પ્રીતશુંજી,

તો સુખી થાશો આ જુગમાંહે; પરીક્ષા અર્થે શ્રીજી કદા નવ સુણેજી, ન ઉદ્વેગ ધરો મન માંહ ૧૭ તોષે ધીરજ રાખી સેવા કરવીજી, પ્રભુ સુખકર્તા છે સત્ય; એમની લીલા બોધ ચિંતા દૂર કરવીજી, વૈષ્ણવને એરે જુગત્ય. ૧૮ એકાદશ ઇંદ્રિય પ્રભુને સન્મુખજી, સેવામાં દિવસ ને રાત, એકે ઇંદ્રિય વિમુખ નવ કીજીએજી, સર્વાત્મા ભક્તિ કરો અહોરાત, “ શ્રીકૃષ્ણઃ શરણં મમ ” સદા જપોજી, ન વિસારશો પળ એક માત્ર; એ જુગતેથી ચિંતા દૂર કરોજી. થાશો શ્રીજીના કૃપાપાત્ર. શ્રી. ૨૦ શ્રીમહાપ્રભુજી કહે અમારી એ મતિજી, વળી એ જ છે નિર્ધાર; સર્વે વૈષ્ણવ રાખજો ચિત્ત ધરીજી, શ્રીવલ્લભજી પ્રાણાધાર. શ્રી. ૨૧ એ અમૂલ્ય રત્ન જે કોઈ ચિત્ત ધરેજી, તેને પુષ્ટિભક્તિ ફળ ફલ હોય; જે આ ધોળ ગાયે ચિત્ત ધરેજી, તેને પરમ આનંદ સુખ હોય. ૨૨

ઇતિશ્રી નવરત્નનું ધોળ સમાપ્ત.

શ્રીહરિરાયજી કૃત શ્રીનિત્યલીલા.

પ્રાતસમે ઊઠી વ્રજબાલા, ગાવત મંગલ ગીત રસાલા । કર સિંગાર મથનીયાં ધાવે, અપનો અપનો દધિ બિલોવે ॥ મથન કરે મોહન જસ ગાવે, સુમરિ સુમરિ હરિગુન સચુ

પાવે । માખન મિશ્રી દહી મલાઈ, ઓટયો દૂધ કપૂર મિલાઈ ॥ કછુક મનોરથકે પકવાન, થાર સજોવતિ સુંદરિવાન । નયે વસન ભૂષણ હરિલાયક, લે ચલિ સુંદરી સબ સુખદાયક ॥ અતિહી સુરંગ ખિલોનાં લીને । વિવિધ મનોરથ મનમેં કીને । ઊઠે ગ્વાલ ખિરકનકોં ચલે, અતિઆતુર ગાયનસોં મિલે, ટેર કરત સુરભી સમુદાઇ, કારી પિયરી દોરી આઇ. કાજર ધમર ઔર મજીઠી, સબ ગુન પૂરન સબે અનૂઠી. ઘંટા નાદ કરત સબ ડોલે, અપને અપને બછરન બોલે. શંખનાદ ખિરકનમેં સોહે, શ્રવન સુનત સબકો મન મોહે. મંગલ શબ્દ કાન જબ પર્યો, સકલ સાજ કરમેં લે ધર્યો. યહ વિધિ સબ ઘર ઘર તેં ચલી, નંદ નંદનકો દેખન અલી ॥ સુખ સજ્યા પોઢે હરિરાઇ, વાર વાર કે જસુમતી માઇ । ફિરઝાંખે ફિર ફિરકે આવે, કમલ નયનકો નાંહી જગાવે ॥ તાહી સમે આઇ વ્રજબાલા, માનહુ મત્તગયંદકી ચાલા । નૂપુરકી ધુનિ સુન નંદરાઇ, ચોંકિ ઉઠે તબ કુંવર કન્હાઈ ॥ નિકટ ગઇ જહાં જસોમતી માઇ, બદન દેખ કર લેત બલાઇ । બીથુરી અલક લટપટી પાગ, પીક કપોલ સુખ અંજન લાગ ॥ ચંદન ઉરપર બિનગુન માલા, ભૂષણ ઈત ઉત પરમ રસાલા । યહ શોભા નિરખત વ્રજબાલા, રસ મસે નેવ દેખે નંદલાલા

જસુમતી ધાય ઊછંગહી લીનો, ચૂમિ વહન ઉર સીતલ કીનો । મંગલભોગ આનકે રાખ્યો, ગિરિધરલાલ સ્નાહસોં ચાખ્યો, ॥ માખનમિશ્રી મેલ ચટાવે, ધોરીકો પય અતિહી ભાવે । દધિકી છીટ લગી તન શોભિત, માનહુ ઉડગન અંબર લોપિત ॥ લંપટાનો મુખ જસુમતિ દેખે, અપનો જન્મ સુફલ કર લેખે. રંચક જમુના જલસોં ધોવે, પોંછિ વહન અંચલસોં જોવે. પુનિ અચવાય ખવાવે બીરી, સકલ સાજ સજી લાઇ અહીરી, મંગલાકી આરતી ઉતારી, શોભા દેખ રહી બ્રજનારી. ॥ ❋ ॥

સ્નાન સમય. ॥ ❋ ॥।

કનકપાટ બેઠે મનમોહન, લાગ રહી જસુમતી અતિગોહન. કોઉ હરિકો તેલ લગાવે । પરસત અંગ પરમ સચુપાવે ॥ કોઉ અંગ ઉબટનો કરે ॥ વિવિધ મનોરથ મનમેં ધરે । કોઉ બેની કરમેં લે રહે, તા ઉપરપુની કંગઇ કરે, કોઉ કનક ઘટ જલ લે રહે, કોઉ પદ અંબુજ કર ગહે. કોઉ હરિકો સ્નાન કરાવે, અંગવસ્ત્ર કરી અતિ સચુ પાવે. કોઉ તનિયા અંગ પહેરાવે. કોઉ સૂથન સરસ બનાવે. ❋ શૃંગારસમય. ❋

કોઉ વાગા પટુકા કરે, કોઉ બહુવિધ ભૂષન ધરે. કોઉ કુલહ સુરંગ ધરે સીસ, પાગ બંધાવે ગોકુલ ઇશ. તુમ સો હો વ્રજરાય લડેતે, સબ લરકનમેં ગુનન બડે તે. મોર ચં-

ઢિકા ગુંજાહાર, વ્રજજનકે તુમ પ્રાન આધાર, કોઉ નેના અંજન આંજાવે। કોઉ મૃગમદતિલક બનાવે ॥ પહોપમાલ લે કંઠ ધરાવે, સંકેતસહનકી ડોર પતાવે. રતન જટિત મુરલી કર દઇ, મોહન પરમ પ્રીતસોં લઇ, તબ આઇ વૃષભાનદુલાર, છબિપર વારોં કોટિ કુમાર. હઠ કરી હરિ શૃંગાર કરાયો બહુબિધિ ભૂખન વસન બનાયો. અંજન દ્રગ કેસરકી આડ, સબ જુવતિનમેં લાડલી લાલ. નખસિખલોં શૃંગાર કરાવે; દેખ ગોપાલ પરમ સુખ પાવે, મધુ મેવા પકવાન મિઠાઇ, મુદિત જસોમતિ ગોદ ભરાઇ. સન્મુખ આય રહી વ્રજનારી, દર્પન દેખહુ કુંજબિહારી. વે તો હરિ મુખ કમલ નિહારે, હરિ રાધા વિધુવદન નિહારે. માનહુ મધુપ કમલરસ ચાખ્યો કે જાનું પ્રીતિ અમૃત બાંટયો, નિરખ નિરખ ફુલી વ્રજનારી. દર્શન દેત હે કુંજબિહારી. સોભા નિરખ રહી બ્રજનારી, હંસહંસ દેત પરસ્પર તારી. ❋ ગોપીવલ્લભ–ભોગ. ❋

ગોપીવલ્લભભોગ લે ધર્યો, સો તો ભુવનભુવન પ્રતિ કર્યો, પુરી દહીં સંધાનો શાક, માંખણ બૂરો બહુવિધ પાક. સબહિનકે મનરંજન કારન, પ્રેમસહિત લીનો મન ભાવન. મનસા પુરન નંદકુમાર, ઠાડે હે જસુમતી કે દ્વાર, મૈયા મથિ મથિ મૈયાં પ્યાવે, વાર વાર ઉર અંતર લાવે, મેના બહે લાલ

પય પીજે, ઇતનો કહ્યો હમારો કીજે, પીરીકો પય પરમ રસાલ સાત ઘુંટ જો પીવો લાલ. વેહન પીય બોરા જબ લીનો, તબ મૈયા જુ ખીલોનાં દીનો. ઠાડી રહી રોહની રાની, મીઠી વાત કહત મનમાની. ખીર સીરાત સ્વાદ નહિ આવે, ગ્રાસ એક મુખ મેલો જ્યોં ભાવે. અતિ હિતસોં હરિ ભોજન કીનો, લાલન મૈયાકો સુખ દિનો. ખેલત ફિરત સખા સંગ લીને, ખરિક ખોર ગિરિ ગહ્વર ચીને. અતિપ્રવીન જસોમતીકો પુત, સબહીનકો મન લીનો ધૂત. ચોરી કરી સબહિન સુખ-દેત, ગોપીનકો સર્વસ્વ હરિ લેત. કર સંકેત બુલાઇ ગોપી, ઇનતેં સબ મર્યાદા લોપી. સબહિનકો કીયો મન ભાયો, તા કારન યહ બ્રજમેં આયો. જસોમતિ સખીયનકોં જુ બુલાવે, કમલનેનકો કહૂં ન પાવે.

❋ રાજભોગ ❋

દેખોરી ગોપાલ કહાંધોં ખેલત, કહો જાય બાબા તોહે બોલત. ભોજનકો બેઠે નંદરાય, તુમ સંગ ભોજન કરહુ આય. જબ માતાકી જાની પ્રીત, આય ગયે ગિરિધર સમીપ, બેઠે આય કનક આસનપર, નંદરાય પકરે કર સોં કર. કનક વરન ઝારી જમુનાજલ, ભરી દીની જસુમતી મન ઉજ્જ-વલ. પનવારો મેર્યો વિસ્તાર, તાપર ધર્યો કનકકો થાર. બેલા

છોટે મોટે ધરે, ચમચા રત્નજટિત તહાં મારે. અગર ધુપ કીનો તા ઠોર, હિતસોં પ્રભુજી લીનો કોર. અતિસુગંધ ચાંવરકો ભાત, આન ધર્યો હે જસુમતી માત. ઠાડે મુંગ અરૂ દારિ બનાઇ તાકે પાસ કઢી લે આઇ. મિરચનકે કીને બહુ શાક; હિતસોં જસુમતી કીને પાક. સીખરન ભાત અરૂ પીરો ભાત ખાટો મીઠો વડીકો ભાત. તીન ભાંતકી તુરઇ કરી, પાપર ભુંજે અરૂ તિલવરી તરી, ભરતા બેંગન ચકતા કરી, અરવી સુરન સબ લે ધરી, કરેલા મુરેલા કંકોડા કરે, ખંડવા ખંડવી ગલકા ધરે. સકરકંદકો કીનો શાક, પેઠામેં મીશ્રીકો પાક, રાઇતાં કીને ઇકઇસ ભાંતિ, સંધાનેકી કેતિક પાંતિ. બિલસારૂ કીનો જુ બનાઇ, જેંવત હરિકો મન ન અઘાઇ. બહુવિધકી કચરીયાં તરી, બહુભાંતકી ભાજી કરી, બિંજન બહુ વિધિ ગીને ન જાઇ, વારવાર જસોદા લાઇ. રોટી પૂરી લીટી કરી, મીસી રોટી ઘીસું ભરી. માંખન બૂરા પાસ ધરાયો, લુચ્ચઇ લે સીખરનસોં ખાયો સેવ બહુત બૂરાસોં કરી, સો તો જાય નિકટ લે ધરી. બરા મઠાકે સુંદર કીને, તિનકડા અતિરસસોં ભીને, મૈયા મોંકુ સીખરન ભાવે, બેલા ભરભર રોહિનીલાવે, સુરભિ ઘૃતસોં બેલા ભર્યો, સો તો જાય સીખરપર ધર્યો. ઓટયો દુધ દહીંકો બેલા, મીઠે આંબ અરુ સુંદર કેલા, આં-

બનકો સીરા જુ કીનો, સો તો હરિ જુ રુચિસોં લીનો. ખરબૂજા અરુ આલો મેવા યહ વિધ જસુમતી કીની સેવા. છોંક્યો મઠા પરમ રુચિદાયક, સો તો કેવલ હરિજુકે લાયક. યહ વિધ લાલન ભોજન કીનો, માત જસોમતીકો સુખ દીનો. કર અચવન ઠાડે આંગનમેં, અતિ સુગંધ બીરા આનનમેં; શ્રીકરમેં બીરા જબલીનો, સો તો બાંટિ સખનકો દીનો. થાક બિચિત્ર કુંદકી માલા, લે આઇ પહેરે નંદલાલા. કર મુરલી અરુ બેત ગહાઇ, વ્રજવનિતા નિરખી સુખ પાઇ. નીરાંજન બહુ વિધસોં કીનો, સો તો દેખ વારનો લીનો. જો લોં હરિ ભોજન કરિ આવે, તો લોં સહચરી કુંજ બનાવે. ઓલીભર ભર પહોપ લે આવે, પરમ પ્રીતિસોં સેજ બિછાવે. ફૂલ મહલકે ખંભ ચોવારે, ફુલનકે કલસા અતિ ભારે. ફૂલનકી સૈયા લે રચી, તકીયા ગેંદુવા ફૂલન સચી. સેજબંદ ફુલનકે કરે, રંગ રંગ ફૂલનસોં ભરે, ફૂલનકી ચોકી લે કરી, તાપર કરવા કુંજા ધરી. અંગરાગ કે બેલા ભરે, અતિસુગંધ બીરા તહાં ધરે. પુષ્પમાલ અતિસુંદર કરી, સો તો પ્યારી ઉરપર ધરી. ફુલનકે પંખા લે આવે, સો તો કમલનેનકો ભાવે. સકલ પદારથ આગે ધરે; વિવિધ મનોરથ મનમેં કરે. પોઢે પ્રિય પ્યારી કે સંગ, વિવિધ ભાંત અરપત રસ રંગ. બહુત ભાંત પ્રિયકે

સંગ ખેલી, રસ મર્યાદા સબ લે પેલી. શ્રમકન સુભગ અંગ પરૂ આઇ, રસભર પોઢે કુંવર કન્હાઇ. જાલરંધ્ર વ્હે સહચારી દેખે, અપનો જન્મ સુફલ કરી લેખે. * ઉત્થાપનભોગ. *

ઘંટાનાદ ભયો ચહું ઓર, શંખનાદકી ધુનિ સબ ઠોર, ધુનિ સુનિ ગોવર્ધનધર જાગે, માનહુ પ્રેમસિંધુમે પાગે. કાકડી બીજ ખોવા અરુ પના, કેલા આંબ ખરબૂજા ઘના. કંદ મૂલકે ભાજન ભરે, સો તો કુંજસદનમેં ધરે. ગોપ આવાને સુરભિ દેખી, ફીર કછુ મનમેં મનસા લેખી. વેનુ વેત લે ચલે કન્હાઇ, દેખ સહચરી પરમ સુખ પાઇ. આગે ગોધન પાછે ગ્વાલ, મધ્ય બિરાજત ગિરિધરલાલ. ગૌરજમંડિત મુખપરકેસ, સોભિત હે અતિસુંદર વેસ, મણિમાલા ગુંજાફુલ ગરે, ગોરી રાગ બેનુમેં કરે. બ્રજવનિતા આઇ ચહું કોદ, દેખત શ્રીમુખ ભયો પ્રમોદ. ગોવિંદ ગોપીનકો સુખ દીનો, કછુક મનોરથ મનમેં કીનો. કરિ સત્કાર ચલે આગેં તે, કરિ સંકેત રહે પાછેં તે. અતિવિરહિન જે બ્રજકી બાલા, ઘેર લિયે તબ મદનગોપાલા. * સંધ્યા * સંધ્યાભોગ હે જાકો નામ, સો તો લીનો વાહિ ઠામ. નંદભુવનમેં ઠાડે આય, પ્રમુદિત ભઇ જસુમતી માય. અતિહિતસોં આરતિ ઉતારી, કરમેં લીયે કનકકી થારી. ભીતર ભવન પધારે લાલ, આય જુરી સબ બ્રજકી બાલ, કોઇ બેઠ

સિંગાર કરાવે, કોઉ તેલ ફુલેલ લે આવે. કોઉ મર્દન મંજન કરે, વિવિધ મનોરથ મનમેં ધરે. કોઉ જલ લે સ્નાન કરાવે, અંગ વસન કરી અતિ સચુપાવે. કોઉ તનયા અંગ પહેરાવે, બહુ વિધિ ભૂષણ વસન બનાવે. સેલી કંધ વેનુ કર લયે, હરિ જુ તબહી ખરિકમેં ગયે. સહજ સિંગાર કિયે અતિ સોભિત, નિરખત તન મન અતિસે લોભિત. ધોરી ધુમરી ગાંગ બુલાઇ, કાજર પિયરી દોરી આઇ. યહ તો વ્રજવનિતન સંકેત, વે સબહિનકો બોલે લેત. વિવિધ ભાંત હરિ દોહન કરે, સબ ભાજન લે રસકો ભરે. ॥ * * ॥ શયન. * ॥

ગ્વાલભોગ લીનો રસરીત, વ્રજવનિતાકી જાની પ્રીત, સબહિનકો કીયો મન ભાયો, જા કારન યહ વ્રજમેં આયો. જસુમતી ભોજન કીનો સાજ, વેગિ અઇયો મોહન આજ. જમુનાજલસોં ઝારી ભરી, લે ઉઠાય હરિપાસે ધરી. દોઉ ભૈયા ભોજનકો આવે, જસુમતિ કનકથાર ભરી લાવે. ઘૂર ભાત મિરચનકો શાક, હિતસોં રોહિની કીનો પાક. દુધભાત અતિ મોકું ભાવે, બેલા ભરિ ભરિ જસુમતિ લાવે. યહ વિધ લાલન ભોજન કીનો, માત જસુમતીકો સુખ દીનો. કર ખ્યારુ ઊઠે મનમોહન, લાગી રહી જસુમતિ અતિ ગોહન. ઓટયો દૂધ કપૂર મિલાઇ, ડબરા ભરકે રોહિની લાઇ. સુચ્છા

ભોજન કરિ સુખ પાયો, તબ રાની આચમન કરવાયો. અતિ સુગંધ બીરી મુખ ધરી, પુષ્પમાલ લે શ્રીકંઠે ધરિ. કરિ આરતી શ્રીમુખ જબ દેખ્યો, અપનો જન્મ સુફલ કર લેખ્યો. રુનઝુન કરત અંગુરીયાં ગહે, માત જસુમતિ સબ સુખ લહે. સુખ સજ્યા પોઢે હરિરાય, ચાંપત ચરણ જસોદામાય. ભાંત-ભાંતકી કહાની કહે, હરિ હુંકારો ફિર ફિર લહે. નિશાલીલા કહો કેસે કહે ? સોતો વ્રજજન મનમેં રહે. નંદભુવનકી લીલા કહે, મનુષ્યદેહ ધરી સબ સુખ લહે. શ્રીગિરિવરધરકી લીલા ગાવે, રસિક ચરનકમલ રજ પાવે.

ઇતિ શ્રી હરિરાયજી કૃત શ્રી નિત્યલીલા સંપૂર્ણ.

અથ શ્રીચોરાશી વૈષ્ણવનું ધોળ.

શ્રીગુરૂ યુગ પદ કમલ રજ, હું વંદુ નિત્ય ધરી નેમ; દુઃખ હરણ સુખ શ્રેય નિધિ ફલદાયક ભકિત પ્રેમ. ૧ શ્રી વલ્લભ શ્રીવિઠ્ઠલ પ્રભુ, શ્રીકૃષ્ણ પૂરણ કામ; ચોરાશી મહાભકત તેહનાં કરૂં વર્ણન નામ. ૨ જેનું સ્મરણ કર્યા થકી, અઘ દુઃખ કલેશ પળાય; પુષ્ટિ પંથ પ્રભુ પ્રસન્ન હોય મહા પતિત પાવન થાય. ૩ મનવાંછિત ફળ શીઘ્ર પામે, ગાતાં એ અભિધાન; શ્રીમહાપ્રભુજી નિજજન દનું, કરે તેહને દાન. ૪

ઢાળ—શ્રીદામોદરદાસ હરસાનીરે, કૃષ્ણદાસ મેઘન વદે વાણિરે. ૧ સંભરવાળા દામોદરદાસરે, જેનો કનોજ મધ્યે નિવાસરે. ૨ પદ્મનાભદાસ હરિભકતરે, તુલસાં પ્રભુ પદ આસક્તરે. ૩ વધૂ તેની કહીએ પારવતીરે, સુત રઘુનાથદાસ સુસતિરે. ૪ રજોબાઈ વૈષ્ણવ ક્ષત્રાણી રે, સેવ્યા શ્રીવલ્લભ રતિ આણીરે. ૫ વૈષ્ણવ શેઠ પુરૂષોત્તમદાસરે, જેનો કાશીપુરીમાં નિવાસરે. ૬ બાઇ રૂક્મણી પુત્રી તેહનીરે, સેવા અતુલિત કહીએ જેહનીરે. ૭ શેઠના સુત ગોપાળદાસરે, સેવા સ્મરણમાં હુલ્લાસરે. ૮ રામદાસરે હરિરંગ રાતારે, ગદાધરદાસ જગ વિખ્યાતારે. ૯ વેણિદાસ માધવદાસ બેભાઈરે, હરિવંશ પાઠક સુખદાઈરે. વૈષ્ણવ કહીએ અમા ક્ષત્રાણીરે, ગોવિંદદાસ ભલ્લા હ્યો વખાણીરે. ૧૧ ગજનધાવને સેવ્યા મુરારિરે, દાસ નારાયણ બ્રહ્મચારીરે. ૧૨ મહાવનનાં વૈષ્ણવ ક્ષત્રાણીરે, જીવાદાસ સુરી હ્યો જાણીરે. ૧૩ ક્ષત્રી વૈષ્ણવ દેવા કપૂરરે, શેઠ દિનકર પ્રેમી ઉરરે. ૧૪ મુકુન્દદાસ મહાવૈષ્ણવ મ્હોટારે, ક્ષત્રી પ્રભુદાસ જલોટારે. ૧૫ પ્રભુદાસ ભાટ હરિજનરે, દાસ પુરૂષોત્તમ ધન્ય ધન્યરે. ૧૬ ત્રિપુરદાસ વૈષ્ણવ કાયસ્થરે, પૂરણમલ રસિક રસમસ્તરે. ૧૭ યાદવેંદ્રદાસ પ્રજાપત્યરે, ગુસાંઇદાસ સેવ્યા હરિ અત્યરે. ૧૮ માધવભટ્ટ કાશ્મીરમાં વાસરે, વાંસવાડાના

ગોપાળદાસરે. ૧૯ પદ્મારાવળની અતિસેવારે; પુરૂષોતમ જોષી સેવારે. ૨૦ જગન્નાથ જોષી તેના ભ્રાતારે, વળી વૈષ્ણવ તેમની માતારે. ૨૧ જોષી નરહરિ હરિના દાસરે, ગામ ગોધરે રાણા વ્યાસરે. ૨૨ વૈષ્ણવ રજપૂતાણી હરિની દાસીરે, રામદાસ ગુજરાતના વાસીરે. ૨૩ હવે ગોવિંદ હરિ રસ માતારે. રાજા માધવ હવે બેઉ ભ્રાતારે. ૨૪ ઉત્તમશ્લોકદાસ સેવા ભાસીરે, સેવક શ્રીજીના કહેતા મહેતારીરે. ૨૫ ઇશ્વરદાસ હવે રસ મગ્નરે, હરિ હરિજનશું ચિત્ત લગ્નરે. ૨૬ વૈષ્ણવ છકડા વાસુદેવદાસરે. સેવા અર્થે રહેતા પ્રભુ પાસરે. ૨૭ કૃષ્ણદાસ ઘઘરી સુખ કંદરે. બાબા વેણુ રહિત દુઃખ દંદરે. ૨૮ એ બેઉનો એક ખવાસરે, તેનું નામ તે જાદવદાસરે. ૨૯ થાનેશ્વરના વિપ્ર જગતાનંદરે, સેવ્યા શ્રી હરિ અતિ આનંદરે. ૩૦ બ્રાહ્મણી અડેલની વૈષ્ણવ બાઇરે, આનંદદાસ વિશ્વંભરદાસ બે ભાઇરે. ૩૧ વૈષ્ણવ ક્ષત્રાણી પ્રભુ પદ પ્રીતરે, રામદાસ મીરાંના પ્રોહિતરે. ૩૨ કૃષ્ણદાસી ખવાસણી જાણીરે, જેની વાણી શ્રીવલ્લભે માનીરે. ૩૩ બુલામીશ્ર શ્રીવલ્લભવરનારે, રામાનંદ પંડિત થાનેશ્વરનારે. ૩૪ વિષ્ણુદાસ છીપા રસપૂરરે, જીવણદાસ ક્ષત્રિય કપૂરરે. ૩૫ સારસ્વતદ્વિજ ભગવાનદાસરે, જેનું ચિત્ત સદા પ્રભુ પાસરે. ૩૬ વૈષ્ણવ ભગવાન-

દાસ ભીતરીઆરે, શ્રીજીની સેવામાં ઠરીઆરે. ૩૭ અચ્યુતદાસ સનોડીયા કહીએરે, ગોડ વિપ્ર અચ્યુતદાસ લહિએરે, ૩૮ સાર-સ્વત દ્વિજ અચ્યુતદાસરે, નારાયણદાસ અંબાલે વાસરે. ૩૯ નારાયણદાસ ભાટ મથુરાંનારે, નારાયણદાસ લુવાણા ઠકુરાનારે. ૪૦ ક્ષત્રાણી ગોરજા ને સમરાઇરે, સાસુ વહુ બે વૈષ્ણવ બાઇરે. ૪૧ સીંહનંદના ક્ષત્રિય સારરે. વૈષ્ણવ અડેલમાં એક સુતારરે. ૪૨ એક વૈષ્ણવ હરિગુણ ગાતારે, દામોદરદાસની માતારે. ૪૩ સીંહનંદ ક્ષત્રાણિનો વાસરે, કવિ લઘુ પુરષોત્તમદાસરે. ૪૪ કવિરાજા ભાટ ગુણગાવેરે, ગોપાળદાસ ઇસોલાના કહાવેરે. ૪૫ જનાર્દનદાસ વૈષ્ણવ ક્ષત્રિયરે, ગરૂડસ્વામી બ્રાહ્મણ હરિની મૈત્રીરે. ૪૬ કન્હૈયાલાલ ક્ષત્રિ પ્રકાશરે, વિપ્ર ગોડીઆ નરહરીદાસરે. ૪૭ બાલકૃષ્ણ બાદરાયણદાસરે, સેવા સ્મરણનો અભ્યાસરે. ૪૮ વૈષ્ણવ રામદાસ ચોહાણરે, સેવા સ્મરણ માંહે સુજાણરે. ૪૯ માણેકચંદ સદુપાંડે ભવાનીરે, નરોબાઇ હરિ મત માનીરે. ૫૦ નરહર સંન્યાસી હરિના ભક્તરે, જેની હરિપદ નિર્મળ મતરે, ૫૧ ગોપાળદાસ કહીએ જટાધારીરે, વસી વ્રજમાં સેવ્યા ગિરિધારીરે. ૫૨ સંત પાંડ્યા સત ના ચુકી નારીરે, કૃષ્ણદાસે સોંપી પરને પ્યારીરે. ૫૩ આગ્રે ચોપડા સંતદાસરે, સુંદરદાસે સેવ્યા અવિનાશરે. ૫૪

પરેસ માવજી વિરજો સહિતરે, પતિ પત્નિ પ્રભુપદ ચિત્તરે. ૫૫ ગોપાળદાસ નરોડાના કહાવેરે, સેવે શ્યામને હરખે ફુલરાવેરે. ૫૬ સૂરદાસ શિરોમણિ ભક્તરે, ગાયા શ્રીગિરિધર જાણે જગ્તરે. ૫૭ સર્વોપરિ દાસ પરમાનંદરે, ગાયા ગુણનિધિ બાલમુકુંદરે. ૫૮ કુંભનદાસ મહારસ કંદરે, સખાભાવે સેવ્યા શ્રીગોવિંદરે. ૫૯ સુત કૃષ્ણદાસ દૃઢ એવારે, છોડયા પ્રાણ ન છોડી ગોસેવારે. ૬૦ કૃષ્ણદાસ કહીએ અધિકારીરે, ગાયા સેવ્યા શ્રીરાસબિહારીરે. ૬૧ ગાયા વૈષ્ણવ એહ ચોરાશીરે, શ્રીવલ્લભ પદ નિકટના વાસીરે. ૬૨

સકળ તત્ત્વનું તત્ત્વ છે એ સારમાં એ સાર;
પાઠ કરતા માત્રમાં વશ થાય શ્રી નંદકુમાર,
શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ પ્રભુને જે પ્રસન્ન કરવા ચહાય;
નથી અવર ઉપાય બીજો, હરિભક્તના ગુણ ગાય.
શ્રી આચાર્યજી શ્રી મહાપ્રભુજીના અંતરંગ એ ભક્ત;
મુજ ઉપર કરૂણા કરો શ્રી વલ્લભપદ આસક્ત
એ વૈષ્ણવ પદ રજરતિની છે ઘણી મુજને આશ;
ગાય ગુણ હરિદાસના **દયારામ** દાસનો દાસ.

ઇતિ શ્રી ચોરાશી વૈષ્ણવનું ધોળ સંપૂર્ણ.

ગરબી ૧.

આવોની લાલ વરણાગિયા, હોજીરે આવોની લાલ વરણાગિયા
રાતાં રાતાં લોચન દીસે છે રસીલાં,
કેઇ સોહાગણ સંગ જાગિયા જીરાજ. આવો. ૧
મનનીમાનીતીને મળીરે આવિઆ,
આજ થયા છો સોહાગિયા હોજીરાજ. આવો ૨
ઘાયલની પેઠે ઘુમો છો તેહનાં,
નેનતણાં શર વાગિયાં હોજીરાજ. આવો ૩
માન મૂકાવ્યું છે પાગ પડી તેહનાં,
બોલતાના ડાઘ ભાલે લાગિયા હોજીરાજ. આવો ૪
દયાના પ્રીતમ મ્હારા મનના સંદેહ સહુ,
ખરેખરા આજ ભાગિયા હોજીરાજ. આવો ૫

ગરબી ૨–પ્રીતડીની રીત અતી અટપટી,
ઓધવજી છે પ્રીતડીની રીત— ટેક
થાવાનો ઉપાય પણ જાવાનો જડે નહી,
વજ્ર રેહેણે જટી તે જટી. ઓધવજી ૧
પ્રીતના કહેવાય તે તે સ્વારથ સમજવો,
ચાર દિવસ પ્રગટી ને મટી. ઓધવજી ૨
પીડાની ભરેલી પ્રીત તોયે કરે પંડિત,
દુ:ખ પામે તોય ચ્હાય ના ઘટી. ઓધવજી ૩

કહ્યા સમજ્યામાં ન આવે એ વસ્તુ તો,
જાણે જેને હોય વીતકી ખટી. ઓધવજી ૪
દયાના પ્રીતમ વીના પ્રીત તેજા ખીઙા,
ધરમ લાજ ખોય ને મરે ખટી. ઓધવજી ૫

ગરબી ૩

વાંસલડી વાજો, સાંજે આજ વાંસલડી વાજો;
વાત માહારી ભુલીમાં જાજો, સાંજે આજ વાંસલડી. ૧
જે જયમ કરવું હોયે જે રીતે, તેતો ગીત વીશે ગાજો. સાંજે
કોઇને ના કહેશો કદી કોઇ પુછે તો, સમ જુગતે ખાજો. સાંજે ૨
નંદજસોદાજી તો છે ભોળાં, તેહેને વીવેકે બ્હાજો. સાંજે
આપ તો સદા સુખી છો પણ, આજ સુખ માહારૂં ચા'જો. સાંજે ૩
માહારા દોષ ના વિચારશો વાલમ, દીનબંધુ થાજો. સાંજે
દયાના પ્રીતમ જાણી દાસી પોતાની, પ્રેમ પુરણ પાજો. સાંજે ૪

રાગ ભેરવી. પદ ૪

કાળજ કોર્યૂં મારા રાજ કયમ કરિયે,
ચિતડું ચોર્યૂં મારા રાજ કયમ—ટેક
રાજના રૂપની સેહેજે સમાધી,
એહેમાં તે કાંઈ નહી સુઝેરે કાજ. મારા ૧
વ્હાલાને ભામે હમે વિવ્હળ થૈયે,
તે પેલા હુરિજનિયાંને મન દાઝ. મારા ૨

દુઃખ દરિયામાંથી હમને બૂડતાં રાખો,
બાંધો આપ નામની પાજ. મારા ૩
મળવા મોહનવર નેહ સહીત કુલ;
લોકડિયાંની તજી લાજ. મારા ૪
અંતરના અભિલાખ હમારા;
પૂરો દયા પ્રીતમજી આજ. મારા ૫

રાગ રામકળી. પદ ૫

જળ જાતાં આજ ઘુંઘટડામાં, મોહનનું મુખ દીઠું રે;
અમૃતરસપણ એ થકી ફીકો બાઇ, એહવું લાગ્યું છે મને
મીઠું રે. જળ ૧
એહને પણ કાંઇ નથીરે અજાણ્યું, મને સાન કરી સમજાવીરે;
ચાંપી હૃદે કરી હેત જણાવ્યું મને, સ્હામાંતે નેન નચાવીરે.
જળ. ૨
શું કહું દુઃખ સુખ તેજ સમાનું, ઉર સ્નેહતણાં શર વાગેરે;
મનમાં આવે તેમ મુખે કયમ કહેવું, પેલા હુરિજન હેત્યે શા
લાગ્યારે. જળ. ૩
રસિયો રૂપાળો ચતુર કો નથી એવો, અવર મેં નિશ્ચે ભાળ્યુંરે;
ધનભાગ્ય જેણે દયાના પ્રીતમ સંગ, મનગમતું સુખ માહાલ્યુંરે.
જળ. ૪

આશ્રય. પદ ૬

આ'નું બળીયું રે, શ્રીકૃષ્ણ રાધાવરનું,
અધમને ઉંચું પદ આપે, કાપે દુઃખ પરપરનું. બાનું ૧
ભગવદ ભક્ત નારાયણદાસ ઘેર, ઠગ વૈષ્ણવચાર આવ્યા;
પ્રેમ કરીને પાસે રાખ્યા, બા'નાને નવ દૂભાવ્યા. બાનું. ૨
ઉદરપરાયણ હયે ભવૈયે, વષ્ણવનું બા'નું લીધું;
હત્યાચાર દૂર ગઇ તતક્ષણ, સરવે કારજ સીધું. બાનું. ૩
માલ પિયારો ખાય રસમાતો, કૃત વિષયની કરતો;
ચક્રાંકિત દેખી નહિ કંપે, હીંડે નિરભે ફરતો. બાનું. ૪
દીનતાભાવ સ્નેહ અંતરના, તે અંતરજામી જાણે;
છાપાંતિલક માળા દેખીને, સહુજન ભક્તપ્રમાણે. બાનું. ૫
કપટ થકી જેનાં કારજ સીધાં, તો સાચે શું નવ થાયે;
અરે દયા ! તું પ્રભુને છોડી, એળે શીદ અથડાયે. બાનું. ૬

આશ્રય. પદ ૭

નિકો ગોકુલકો બસવો, સબતેં નીકો;
નિત્ય પ્રતિ ઉઠી ન્હાઉં નીર જુમના;
જુગલ ચરન પરસવો. સબતેં નીકો ૧
મહાપ્રસાદ ઓર જળ જુમનાકો, રાસ વિલાસ હુલસવો. ૨
પરમાનન્દ પ્રભુ વનવનદેખીયત, તનમન પ્રાણ અરપવો. ૩

આશ્રય. પદ ૮

નેનનહીકો નીકો મીલવો નેનનહીકો નીકો.
નંદકીશોર હમારે જીવન, ઓર એ જગ સબ ફીકો. મીલવો.૧
વેદ, પુરાન, ભાગવત ઓર ગીતા, ઓર જ્ઞાનપોથીકો;
ખાટી છાશ રૂચત મોહે નાંહિ, સુર ખચ્ચો ઘીકો. મીલવો. ૨

રાગ સોરઠ. પદ ૯.

રૂડા દીસો છો રાજેશ્વર મંદિર આવતારે, રૂડા દીસો છો ટેક.
જરકશી જામો સુંદરપ્હેરી, માથે બાંધી પાઘ સુનેરી;
રૂડો રેંટો ઓઢી મન લલચાવતારે, રૂડા દીસો છો.૧
હૈયે હાર ગુલાબી ફેરે, ચિતડું રોકી રાખ્યું ચોરે;
ગજરા કાજૂ બાજૂ મુજ મન ભાવતારે, રૂડા દીસો છો. ૨
કનક છડી સુંદર કર લઇને, ગજ ગતિ ચાલે હળવા રહીને;
ચિતડું ચોરી મીઠું મીઠું ગાવતારે, રૂડા દીસો છો. ૩
દયા પ્રીતમનો નાથ વિહારી, જાઉં તુજ વદનકમલ પરવારી;
હેતે શું બોલાવી તાપ સમાવતારે, રૂડા દીસો છો. ૪

ધોલ. ૧૦

શ્રી ગુરૂદેવ મન અભિલાખ જે માહરા, પુરશો તે દિન
કયારે આવશે રે. ટેક.
શ્રીજી મળવામાં પ્રતિબંધ છે જે કંઇ, ચુરશો તે દિન કયારે.

પ્રપંચ છોડી કૃષ્ણ આસક્ત થાશે,
પુષ્ટિ ભક્તિ દ્રઢ પ્રેમરસ પીયુજી પાશે. તે દિન ક્યારે. ૧
નટવર રૂપ રસમાં મન મારૂં છલકડું રમશે,
શ્રી રાધા પદ પંકજમાં મુજ મતિ મધુકર ભમશે. તે દિન. ૨
શ્રી ગોકુળ શ્રી વૃંદાવન વાસી નિરંતર રહીશું,
ગોપીજન જુથ મધ્યે રમતાં જુગલને જોશું. તે દિન. ૩
જન્મ મરણ કાળ કર્મની ફાંસી ટળશે,
નિત્યે સત્સંગ સેવા સ્મરણમાં મન ગળશે. તે દિન ક્યારે. ૪
હરિના સહુ વલ્લભ મુજને કિંકરી કરશે રીઝી,
દયા તું દાસી મ્હારી કહી કર સાહાશે શ્રીજી. તે દિન ૫

ગરબી ૧૧.

જીવ જાણી લે, જાર પ્રીત જુગદીશ વીના નવ સારી;
મન માની લે, પૂછી જો અનુભવિ હોય જે નર નારી. જીવ ટેક.
એમાં ડાહ્યા ઘેલા થઈ જાયે, વણ તેડયા તે પૂંઠળ ધાયે;
ના ગણે જગમાં હાંસી થાયે. જીવ જાણી લે. ૧
તેની લજ્જા સ્વધર્મ સહુ જાયે, તે નફટ નિર્લજ કહેવાયે;
શું કરે મનમાં બહુ દુઃખ થાયે. જીવ જાણી લે. ૨
જે પાંચ લોકમાં પંકાયે, જેનું બુદ્ધિ બળ કલ્પ્યું નવ જાયે,
તે પણ સ્નેહીને વશ થાયે. જીવ જાણી લે. ૩

તેહેનું વિકળ ચિત્ત સહુથી થાયે, તેહને વિચારમાં વાહાણાં વાયે;
તે કલેશ કોઇને ના કહેવાએ. જીવ જાણી લે. ૪
થઇ જાય તેજ ધરાની હાની, તેની નિંદા કરે સહુ મનમાની
તોયે ન છુટે પામે ગ્લાની. જીવ જાણી લે. ૫
તેહને ભોજન ના ભાવે ભાણે, તેહની મન પીડા કોઇ ના જાણે;
તેહના સર્વ કોઇ અવગુણ આણે. જીવ જાણી લે. ૬
કોઇ શિક્ષા દે તે શર લાગે, વિખવેણ અમૃત સ્નેહનાં લાગે;
તે જાણે જેને અનુભવ જાગે. જીવ જાણી લે. ૭
એવો પ્રેમ જેને પ્રભુ શું લાગે, તેહનાં સરવે દુઃખ સેહેજે ભાગે;
દયો કરગરી કૃષ્ણ પાસે માગે. જીવ જાણી લે. ૮

ગરબી ૧૨.

શરણ પડયો છુ રે શ્રી હરી, નથી માહારે અવર આશ વિશ્વાસ;
શ્રી વલ્લભવરનારે લાડીલા, અનન્ય આપ તણો હું દાસ. શ. ૧
નહી કોઇ દેવીરે દેવતા, નહી કોઇ આપ તણા અવતાર;
ધરનો ગુલામરે રાવલો, મન ક્રમ વચને નંદકુમાર. શ૦ ૨
માહારે નથી બળ સાધનરે ધરમનું, નથી બળ ભક્તિ જ્ઞાન વિવેક;
સેવા સમરણરે ના મળે, મેં નથી સતસંગ કર્યો ક્ષણું
એક. શ૦ ૩
પણ બાનું તમારૂં રે જોઇને, મુજને જગ્ત કેહે હરીભક્ત;

હું છું જુઠોરે જીવણજી, નથી મ્હારૂં મન નામણી
આશક્ત. શ૦ ૪
તે અંતે ઉંધડીરે વાગશે, પાસું દેશો જો મહારાજ;
બળવંત બાનું રે લાજશે, હું નિર્લજને શાની લાજ. શ૦ ૫
પણ એક ભરોંસોરે એહ છે, અંતરજામી છો તમે સાક્ષ;
બિરદ વિચારોરે કૃપાનિધે, સહજે કરશો કૃપા કટાક્ષ; શ૦ ૬
ઓધમ રાખેરે મોટમ ધણી, ઉઘાડું પાડે ઓછું જણાય;
સાચો સંગ્રહરે સહુ કરે, જુઠું નભવે જગ જશ ન થાય. શ૦ ૭
જેહવો તેહવો છું હું રાજનો, દીન લહી કરિયે કરૂણાનંદ;
દાસ દયાનીરે વિનતી, કૃષ્ણ કૃપાનિધી ધરજો કાન. શરણ૦ ૮

ગરબી ૧૩.

દરશન ઘોનીરે દાસને, માહારા ગુણનિધિ ગિરધરલાલ;
નાથ નિવારોરે ત્રાસને, આપો આપ ઉપર અતિ
વાહાલ. દરશન૦ ૧
શ્રી નટવર નંદનરે નંદના, ભાવે મુને મદન મનોહરરૂપ;
ચિત્ત ના ચોંહટેરે માહરૂં, મુને અનુભવ વ્યાપક બ્રહ્મ
અનુપ. દરશન૦ ૨
જપું નહિ અજપારે જાપને, ગમે ના સુણવો અનહદ નાદ;
યજ્ઞ સમાધીરે ના ગમે, ના ગમે સ્વર્ગ મુક્તિના
સ્વાદ. દરશન૦ ૩

અન્ય ઉપાસનરે ના ગમે, વિના એક પૂરણ પુરૂષોત્તમ;
ફીકાં લાગેરે સાધન સહુ, પડી મુને પ્રેમ ભક્તિમાં ગમ. ૪
મને શ્રી વલ્લભસુતરે ગુરૂ ગમ્યા, સહુ વિધ કૃષ્ણજી સમાન
જીવનાં સાધનરે ના જુવે, વહાલો નિજબળે કરે નિજાનં
દાન. દરશન૦ ૫
સર્વ તપાસ્યુંરે ફરી ફરી, કીંચીત્ કંઇ ના દીઠો સાર;
સુખ એક દીઠુંરે સર્વથી, સેવા સમરણ નંદકુમાર; દર૦ ૬
શ્રી માહાપ્રભુનીરે કાનીથી, મુજ પર રીઝો રાધાનાથ;
સમુળ અવિદ્યારે તો ટળે, હરિજી ઝાલોને મુજ હાથ. દ૦ ૭
શ્રી વૃંદાવનનીરે કુંજમાં, જ્યાં કરે જુગલ કીશોર વિલાસ;
દાસ દયાનીરે વીનતી, મુને દાસ કરી રાખો નીજ
પાસ. દરશન૦ ૮

પદ ૧૪.

હરિ જેવો તેવો હું દાસ તમારો, કરૂણા સિંધુ અહો કર મારો;
હરિ જેવો તેવો હું દાસ તમારો. ટેક૦
સાંકડાના સાથી શામળિયા, છો બગડ્યાના બેલી;
શરણ પડ્યો ખળ અમિત કુકર્મી, તદપી ન મુકો ઠેલી૦ ૧
નિજજન જુઠાની બાતી લજ્યા, રાખો છો શ્રી રણછોડ;
સૂન્ય ભાગ્યને સફળ કરો છો, પુરો બિરદ બળજોડ. હરિ૦ ૨

અવળનું સવળ કરો સુંદરવર, જ્યારે જન જાય હારી.
અયોગ્ય યોગ્ય પતિત કરો પાવન, પ્રભુ દુઃખ દુષ્કૃત હારી૦ ૩
વિનતિ વિના રક્ષક નિજ જનના, દોષ તણા ગુણ માનો;
સ્મરણ કરતાં સંકટ ટાળો, ગણો ન મોટો નાનો. હરિ૦ ૪
વિકળ પરાધિન પીડા પ્રજાળો, અંતરનું દુઃખ જાણો;
આરત બંધુ સહિષ્ણુ અભયકર, અવગુણ ઊર નવ આણો૦ ૫
સર્વેશ્વર સર્વાત્મા સ્વતંત્ર, દયા પ્રીતમ ગિરિધારી;
શરણાગતવત્સલ શ્રીજી મારે, મોટી છે ઓથ તમારી હરિ૦ ૬

પદ ૧૫.

કૃષ્ણ કહેતાં શૂં બેસે નાણું, મુરખ તને કૃષ્ણ કહેતાં શું
બેસે નાણું. ટેક૦
મિથ્યા લવરી કરે મન ગમતી, નહી તેનૂં ઠામ ઠેકાણૂં. ૧
દામનું કામ નહીં પરીશ્રમ, ગાતાં ગોવિંદ ગુણ ગાણૂં. ૨
કિંચિત શ્રમ ને લાભ ઘણેરો, નહિં કોઇ એહ સમાણૂં. મુરખ૦૩
ખાતો ન હોય તો નબળો કહું તને, જોઇએ બશેરનું ભાણૂં. ૪
હરિ ભજતાં તને આળસ આવે, ભવભટકણ નિશ વાહાણૂં. ૫
કો દહાડો તુંને કો લીન થવૂં જે, કૃષ્ણ કિર્તન મુખ આણું.
પ્રભુ સમરણ વિના ભવ ન તરાયે, હું નિશ્ચે કરીને જાણું. ૭
જન દયો કેહે ભજમન માહારા, ફરી નહિ મળે આ ટાણું. ૮

પદ ૧૬

કાંઇ નથી જોતા, કૃષ્ણ કૃપા જ્યાંહાં કરો છો રે. કાંઇ નથી.
કુડિ કૃતી તેહેની સહુ, રૂડી માની લો છો રે; કાંઇ નથી. ટેક
પાંડુ સુતે વેહથી વિરૂદ્ધ કર્યાં કર્મ રે.
તમારી પ્રસન્નતાએ, ઠર્યાં તે સુધર્મ રે. કાંઇ નથી. ૧
વાલી માર્યો બંધુ સંબંધને પાપેરે,
તેજ કીધું વિભીષણ સુગ્રીવે, જોયૂં આપેરે; કાંઇ નથી. ૨
કેહો શું ચુકી સુર્પનખા, નાક તેહેનું કાપ્યું રે,
સાધન શું કુબજા કીધું, પતિ સુખ આપ્યું રે; કાંઇ નથી. ૩
સહેજે અરધે નામે ગુણકા, વૈકુંઠ પમાડી રે,
સંત બીજા પડ્યા રહ્યા, રટતા નામ દહાડી રે. કાંઇ નથી. ૪
નહિં તેહેનું નહીં, ભાવ્યું તેહેનું સરવે ભાવ્યું રે;
વાંક શો હમારો પ્રભૂ તમથી, ચાલ્યું આવ્યું રે. કાંઇ નથી. ૫
એહવી દયા દયા ઉપર ક્યારે કરશો હરિજી રે;
કરૂણાના સમુદ્ર મારા, પ્રાણપાત શ્રીજી રે. કાંઇ નથી. ૬

પદ ૧૭

માહારા અંત સમય અલબેલા, મુજને મૂકશોમાં;
માહારા મદનમોહનજી છેલા, અવસર ચૂકશોમાં૦ ૧
હરિ હું જેવો તેવો તમારો, મુજને મૂકશોમાં;
શ્રી ગુરૂ સોંપે ગ્રહ્યો કર માહરો, અવસર ચૂકશોમાં૦ ૨

માહારા દોષ કોષ સંભારી, મુજને મૂકશોમાં;
શરણાગતવત્સલ ગિરિધારી, અવસર ચુકશોમાં૦ ૩
હરિ મારે ધરમ નથી કોઇ સાધન મુજને મૂકશોમાં;
નથી સતસંગત સમરણ આરાધન, અવસર ચૂકશોમાં૦ ૪
શ્રી પતી સર્વાત્મા સર્વોત્તમ, મુજને મૂકશોમાં;
માહારા પ્રાણજીવન પુરૂષોતમ, અવસર ચુકશોમાં૦ ૫
સમરથ કરૂણા સિંધુ શ્રીજી, દયાને મૂકશોમાં;
માહારે ઓથ નથી કોઇ બીજી, અવસર ચૂકશોમાં૦ ૬

પદ ૧૮–રાધા કૃષ્ણ રાધા કૃષ્ણ રાધા વ્રજરાય;
રાધા કૃષ્ણ ગાય તેનાં પાપ તાપ જાય;
પાપ તાપ જાય, તારી રૂદેમાં સમાય;
વ્રજ લાડીલાહો લાલ. રાધા૦ ૧
જપ તપ તીરથ દાનથી કંઇ કામ;
નહી પોતે શ્રમ, કંઇ નહી બેસે દામ.
નહીં બેસે દામ, સેજે રીઝે સુંદર શ્યામ. વ્રજ. રાધા૦ ૨
રાધા પૂર્ણ પુન્યથી, પ્રતીતી નામ;
નામનો વિશ્વાસ આવે, સરે સઘળાં કામ;
સરે સઘળાં કામ, આપે વૈકુંઠ ધામ. વ્રજ૦ રાધા૦ ૩
કળીમાં કેવળ કૃષ્ણ નામનો આધાર,

સહુ વેદ શાસ્ત્ર શોધ્યું, નિકળ્યો એકસાર;
નિકળ્યો એકસાર,દયા પ્રીતમ નંદકુમાર૦ વ્રજ૦રાધા૦૪

પદ ૧૯—હો શ્રી નાથજી મોપેં રહે કયોં રિસાય.
મેરે પિયુ સુખદાય, હો શ્રી નાથજી. ટેક
દરસકી પ્યાસી તલપત અખિયાં,
શ્રીમુખ દેહો દેખાય. હો શ્રી નાથજી. ૧
દોષ સમુઝકે દૂરે રહતહો,
કિંકરી કહો કહાં જાય. હો શ્રી નાથજી. ૨
હાં હાં કરી કરજોરી નકધસ કહું,
અચરાપસાર પરૂંપાય, હો શ્રી નાથજી. ૩
કહા બડાઈ પેંહોં સમરથ પ્રભુ,
દીન દાસી તરસાય. હો શ્રી નાથજી. ૪
અબલા આસપૂરક દયા પ્રીતમ;
અબ મોહે લેહો અપનાય. હો શ્રી નાથજી. ૫

રાગ ભેરવી. પદ ૨૦

મોહે બાંકે નેન ખંજરસે લગાય ગયોરે,
ઓ લગાયકે ઝમક હિયે લાય ગયોરે;
ખુની નેન ખંજરસે લગાય ગયોરે. ટેક.
ગજબી ઘાયલ કર ગયો, દારૂ દવા ન કોય;
મલમ માલમ મેહેબુબહરિ,મિલે તબી સુખ હોય. હો લગાય૦૧

મિલબિછરનકી પીરકુ, બીરન સમઝત કોય;
કહત અયાંને બહાવરી; જાને લાગી હોયરી. હો લગાય. ૨
સહજ ગતી સુધી ચલે, તિરછે પર જિયલેન;
ભયે બુદ્ધિબલકે પદતી. નંદ કુંવરકે ચેન. હોલગાય. ૩
નેનનોક નટસાલસી, સાલન હેં હિયમાંહી;
દયાપ્રીતમ મુખ ચમક બિન, દરસન નિકસેં નાંહી; હો લગાય૦૪

રાગ કેરબો. પદ ૨૧

બરસાંનેકી ડગર બતાદે, મેં ભૂલીરે બતાદે;
મેં ચુકીરે બતાદે. બરસાનેકી. ટેક.
પીરે પટકે વારે છેલ. બરસાંને૦ ટેક
બેહેગઈ સબ સંગકી સાહેલિયાં, મેંતો ભૂલ પરી ગેલ. બ૦
ભૂખુભાન ગોપકી મેં બેટિયાં, જાનો નંદ બાબાજુકે મેહેલ.બ૦
દયા પ્રીતમકી ભઇ અબ બિરીયાં, મેંતો ભૂલ કરૂં ટેહેલ. બ૦

પદ ૨૨

દામોદર દુખડાં કાપોરે, પાવલે લાગું,
નંદલાલ નિજાનંદ આપોરે, એ વર માગું. ટેક.
વહાલાજી હું છું, પળ પળનો અપરાધી;
ભરેલો આધિ વ્યાધિરે, પાવલે લાગું. દામોદર૦ ૧
વહાલાજી હું તો, તમારા બળથી. ઘણો ગાજું,
જાણો છો કહું શું ઝાજુંરે, પાવલે લાગું. દામોદર૦ ૨
વહાલાજી હું જેવો તેવો; તોએ છું તમારો;
આધાર અવર નહિ મહારોરે, પાવલે લાગું. દામોદર૦ ૩

વહાલાજી મારૂં, જોર નથી જો તરછોડો;
શું રૂઠી કરે મંકોડારે, પાવલે લાગું૦ દામોદર૦ ૪
વહાલાજી શ્રી મુખ, પોતાનો કોહોછો મારે લાડુ;
બીજું બળ ક્યાંથી કહાડુંરે, પાવલે લાગુ. દામોદર૦ ૫
વહાલાજી જનનું, માન જગતમાં વધારો
ગમે તો ઘરમાં મારોરે, પાવલે લાગું. દામોદર૦ ૬
નૃપનાં ગજઘોડાં, મસ્તીખોરાંને માન મોહોટું,
મારે ના માન ખોટુંરે, પાવલે લાગું. દામોદર૦ ૭
દયાના પ્રીતમ પાણિ ગ્રહ્યોછે તો નિભાવો,
મારો દાસપણાનો દાવોરે, પાવલે લાગું. દામોદર૦ ૮

પદ ૨૩

કૃષ્ણ કહેતાં શું બેસે નાણું, મુરખ તને કૃષ્ણ કહેતાં શું બેસે
મિથ્યા લવરી કરે મનગમતી, નહિ તેનું ઠામ ને ઠેકાણું.મુ૦૧
દામનું કામ નહીં પરિશ્રમ, ગાતાં ગોવિંદ ગુણ ગાણું. મુ૦ ૨
કિંચિત્ શ્રમ ને લાભ ઘણોરે, નહિ કોઇએહ સમાણું. મુ૦ ૩
ખાતોન હોય તો નબળો કહતતને,જોઇએ બશેરનું ભાંણું.મુ૪
હરિ ભજતાં તુંને આળસ આવે, ભવ ભટકણ નિશવાહાણું.૫
ત્યારે તું ને પશુમાં તે અંતર શાનો; તું પણ પશુ પુચ્છ વાંણું.૬
કો દહાડો તુંને કોડ ન થયો જે હું, કૃષ્ણ કિરતન મુખ આણું. ૭
પ્રભુ સમરણવિના ભવ ન તરાયે, તે હું નિશ્ચે કરી નેરે જાણું. ૮
દયો કહે હરિ ભજમન મહારા, ફરી નહિ મળે આટાણું. મુ૦૯

પદ ૨૪

હરદમ કૃષ્ણ કહે શ્રીકૃષ્ણ કહે તું જબાં મેરી;
યેહી મતબલ કે ખાતર, કરતા ખુશામત મેં તેરી. હરદમ૦ ટેક
દહી ઓર દુધ સક્કર દેતા હું હર વખ્ત તુઝે;
તોભી હર રોઝ હરિ નામ, સુનાતી ના મૂઝે. હરદમ૦ ૧
કરે ગુનગાન ગોવિંદકા, તું મુખ પરીવે ભલા;
નહિં તો મેં એંચ નિકાલુંગા, કયા મુખ ચામ બલા. હરદમ૦ ૨
ખોઈ જિંદગાની સારી, સોઇ ગુન્હા માફ તેરા;
દયા પ્રીતમ ભુલે મતનામ, આખર વખ્ત મેરા. હરદમ૦ ૩

પદ ૨૫

તું ભજ મન મેરે ગોકુલચંદ્રં. ટેક
ગોકુલચંદ્રં ગોપમયેંદ્રં, શ્રીં વ્રજરાજ કિશોરં;
યશોમતિ બાલં મદન ગોપાલં; ગોપીજન ચિત્ત ચોરં. તું૦ ૧
વ્રંદાવન વાસી રાસ વિલાસી, નટવર નંદકુમારં;
ગિરિવરધરણં ભક્તાભરણં, મદન મહામદ મારં. તું ભ૦ ૨
મધુપુરી ભુપં અકળ સ્વરૂપં, શરણાંગત પ્રતીપાલં;
રૂકમણિનાથં શ્રૃતી ગુણગાતં, મહામતી દીન દયાલં. તું૦ ૩
રાધા રમણં જગત સ્તવનં, સર્વેશ્વર શ્રૃતિસારં;
આત્મારામં પૂરણ કામં, દયારામ ઉરહારં. તું૦ ૪

સમાપ્ત

શ્રીગોકુલનાથજીકે વચનામૃત બ્રજકે માસસું દેખનો. તીજ તેરસ ઓર પાંચમ પુનમ એક. ચૌદસ અમાવસ તજની, યા વચનામૃતપેં વિશ્વાસ રાખિકે પ્રયાણ કરે તો મનોર્થ સિદ્ધ હોય.

પો	મા.	ફા.	ચૈ.	વૈ.	જે.	અ.	શ્રા.	ભા	આ	કા.	મા.	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	બહોત સુખ હોય, ક્લેશ ન હોય, અર્થ પૂર્ણ હોય.
૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	મહાભારત હોય, અશુભ જીવનાશ હોય.
૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	અર્થ પૂર્ણ હોય, મનોરથ સિદ્ધિ હોય કામના પૂર્ણ હોય.
૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	ક્લેશ હોય, જીવનાશ હોય. કુશલસું ઘર નહિ આવે.
૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	વસ્તુલાભ હોય મિત્ર મિલે, વ્યાધિ મિટે, લાભ હોય.
૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	મહાચિંતા હોય, વિયોગ હોય, કદાચિત ઘર આવે.
૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	સૌભાગ્ય પાવે, રત્નસહિત ભલીભાંતિસું ઘર આવે.
૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	મિલવો નહોય, બહોતગુરોહોય, જીવનાશ હોય, દુખપાવે.
૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	આશા પૂર્ણ હોય, સૌભાગ્ય પાવે, કામના સિદ્ધ હોય.
૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	સૌભાગ્ય પાવે, દિન બહોત લાગે, કુશલસું ઘર આવે.
૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	ક્લેશ હોય, જીવનાશ નહિ, સૌભાગ્ય પાવે નહિ.
૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	માર્ગમેંસિદ્ધિહોયમિત્રમિલેવિઘ્ન મિટે, ધનકો શિઘ્ર લાભહોય.

શ્રી ગોકુળ મથુરાં ને શ્રીનાથજીની
જાત્રાનાં દર્શન
દુનીયામાં જીવ્યાથી જોયું ભલું.
સુંદર ચિત્રકળાના નમુના અત્યારેજ ખરીદો.

તમારે દેવમંદિરો, મકાનો, ઓફીસોના શૉરૂમ શણગારવા હોય તો! શાળા પાઠશાળામાં લ્હાણી કરવી હોય તો! સગાં સ્નેહીઓને સંભારણાં સોંપવાં હોય તો! લગ્ન પ્રસંગે લ્હાણી કરવી હોય તો! ભક્તિરસમાં ધ્યાનમગ્ન બની જવું હોય તો! અમોએ છેલ્લી ઢબનાં આંખ ઠરી જાય તેવાં, સોનેરી રંગનાં સુંદર ચીત્રો ૫-૭-૧૦ જાતના રંગોમાં ઘણા મોટા ખરચે તૈયાર કરાવ્યાં છે. તે જુઓ

સુંદર ચિત્રકળાના નમુના.

સાઇઝ ઇંચ ૧૧+૧૪ ની

શ્રીરાધાકૃષ્ણ યુગલ સ્વરૂપ—સઘનકંદરાનું	૦-૪-૦	શ્રીનાથજી	૦-૩-૦
શ્રીયમુનાજી	૦-૪-૦	શ્રીમથુરેશજી	૦-૪-૦
શ્રીદ્વારકાનાથજી	૦-૪-૦	શ્રીમહાપ્રભુજી	૦-૩-૦
શ્રીગુસાંઇજી	૦-૪-૦	શ્રીગોકુળનાથજી	૦-[illegible]-૦

એક પ્રાચીન ઐતિહાસિકચીત્ર શ્રીમહાપ્રભુજીનો રાજા કૃષ્ણદેવની સભાનો દિગ્‌વિજય. ૦—૪—૦

આવાંજ ચિત્રો ઇંચ ૯×૭ની સાઇઝનાં દરેકનો એક આનો.

શ્રી બાલકૃષ્ણલાલજી, શ્રીલાલબાવા, ટીકેત શ્રી દામોદરલાલજી, વગેરે શ્રી ગોસ્વામી બાળકોના પણ ચિત્રો મળે છે. આવાંજ ચિત્રો પોસ્ટકાર્ડ સાઇઝનાં પણ મળે છે.

લલ્લુભાઇ છગનલાલ દેસાઇ.

રીચીરોડ, નં. ૧૧૦, મેડા ઉપર—અમદાવાદ.

સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં, પટેલ મૂળચંદભાઇ ત્રિકમલાલે છાપ્યું.
પાનકોરનાકા : અમદાવાદ.